Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૧૧
તા.૨૭-૦૫-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૬ સૂર્યાસ્ત : ૦૭:૧૮

તાપમાન
ડીસા ૪૪.૨
અમદાવાદ ૪૩.૫
ગાંધીનગર ૪૪.૦
વડોદરા ૪૩.૦
સુરત ૪૦.૪
નલિયા ૩૬.૦

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૨૦૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# કઠોર નિર્ણયો અમારી સાહસિકતાનો પુરાવો : મોદી

## વર્તમાન એનડીએ સરકારના શાશનકાળના ચાર વર્ષના સમાપન ટાંણે મોદી આક્રમક : જનપથથી નહીં જનમતથી સરકાર ચાલી રહી હોવાનો દાવો

કટક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમની સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઓરિસ્સાના કટકમાં રિપોર્ટ કાર્ડ રજુ કરીને પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે જનપથથી નહીં બલ્કે જનમતથી સરકાર ચલાવી રહ્યા છે. મોદીએ પોતાની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે આજે એકબીજાના દુશ્મન પણ પોતાને બચાવવાના હેતુસર એકબીજાની નજીક આવી ગયા છે. મોદીએ ઉમેર્યું હતું કે જનતાની અપેક્ષાઓ એજ વખતે સ્પષ્ટ થઈ ગઈ હતી જ્યારે જનતાએ ૩૦ વર્ષ બાદ પૂર્ણ બહુમતીવાળી સરકાર બનાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે અમે કઠોર નિર્ણય લેવાથી ડરતા નથી. મોટા નિર્ણય કરવાથી ચૂકતા પણ નથી. દેશમાં જ્યારે કન્ફયુઝન નહીં કમિટમેન્ટવાળી સરકાર હોય છે ત્યારે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવે છે. ત્યારે જ વન રેન્ક વન પેન્શનને મંજુરી મળે છે. ત્યારે જ દશોકથી અટકેલા બેનામી સંપત્તિ કાયદા પસાર થાય છે. દુશ્મનોની સંપત્તિ જપ્ત કરવાવાળા કાનૂન કરવામાં અમે સફળ રહીએ છીએ. તેમણે ઉમેર્યું હતું કે અમે જનતાનો વિશ્વાસ અને જનતાના મત બંને જીતી ચુક્યા છીએ. જનતાનો વિશ્વાસ અને જનતાના મત જીત્યા બાદ છેલ્લા ચાર વર્ષના ગાળામાં પાંચ રાજ્યોથી વધીને અમારી સરકાર ૨૦ રાજ્યોમાં પહોંચી છે. દેશભરમાં ભાજપના આજે ૧૫૦૦ થી પણ વધારે ધારાસભ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે સ્થાનિક એકમોથી લઈને ટોપ લેવલ સુધી અમારા જન પ્રતિનિધિ સેવામાં જોડાયેલા છે.

## રાજ્યમાં ફરી ભીષણ ગરમી : પારો ૪૫ ને પાર

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આજે ભીષણ ગરમીનો અનુભવ ફરી એકવાર થયો હતો. આગઝરતી ગરમીના કારણે આજે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૫થી પણ ઉપર પહોંચ્યો હતો. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં પણ પારો ૩૫થી ઉપર પહોંચ્યો હતો. આજે રાજ્યના જે વિસ્તારમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચી ગયો હતો તેમાં ડીસામાં ૪૪.૨, ગાંધીનગરમાં ૪૪, અમરેલીમાં ૪૪.૩ અને કંડલા એરપોર્ટ ખાતે ૪૫.૩નો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું. હીટવેવની ચેતવણી આગામી બે દિવસ માટે જારી કરવામાં આવ્યા બાદ તંત્ર સાબદુ થઈ ગયું છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ માટે હિટવેવને લઈને ચેતવણી જારી કરવામાં આવી છે. ગરમીના કારણે ઈન્ફેકશનની શક્યતા પણ દેખાઈ રહી છે. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. વધુ પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી રહી છે.

## વિચાર વૈભવ...

આપણે આજના જમાનાને, આજની પેઢી, યુવાનોને તેમનાં વર્તન અને સંસ્કારને દોષ દઈએ છીએ. પણ તેના પાયાના મૂળમાં કે કારણમાં તો આપણે આપણી પેઢીઓ જ છે.

ચીનના મહાન તત્વચિંતક કોન્ફયુશિયસ પાસે એક ખેડુત આવ્યો અને એક ટોપલીમાં ફોફલી સડી ગયા જેવી મકાઈનો ઢગલો કરી કહ્યું, 'મહાત્માજી! મેં ખેતરમાં ખૂબ ખાતર- પાણી મહેનત રેડી આ મકાઈ વાવી હતી પણ તેમ છતાં ય આવી સડેલી મકાઈનો પાક કેમ ઊતર્યો? આમાં દોષ કોનો?'

કોન્ફયુશિયસે કહ્યું, 'જો ભાઈ, સારા શાકભાજી ઉગાડવા હોય તો બે- ત્રણ માસ પહેલા સારા બીજને કાળજી લઈ ઉગાડવા પડે! સારાં ફળ ખાવા હોય તો ચાર- પાંચ વર્ષની કાળજી લેવી પડે, સારા સંતાન પ્રાપ્ત કરવા ચારિત્ર્યવાન- મૂલ્યોવાળા - સંસ્કારની પેઢીઓની પરંપરા જરરી છે એને માટે સદીઓ જોઈએ...'

'તું પણ મકાઈના સારા બીજ વાવ અને બે- ત્રણ પાક સુધી એમાંથી પણ સારી સારી મકાઈ ચૂંટી એની વાવણી કર. આમ બીજે- ત્રીજે વર્ષે તને ઉત્તમ મકાઈનો પાક મળશે.'

ખેડૂતે સલાહ મુજબ મહેનત કરી સારો પાક લીધો. 'બોલો! આજની પેઢી માટે હવે કકળાટ કરશો?!

- સુરેશ પ્રા.ભટ્ટ

## પાલનપુરમાં નકલી નોટોના કેસમાં પાંચ શખ્સોને ક્રાઇમ બ્રાન્ચે ઉઠાવ્યા

પાલનપુર

અમદાવાદમાં છ દિવસ અગાઉ પાલનપુરના બે યુવકો નકલી ચલણી નોટો સાથે ઝડપાયા હતા. અમદાવાદ ક્રાઇમ બ્રાંચની ટીમે તેમની સામે ગૂનો નોંધી તપાસ હાથ ધરી છે. જેમાં પોલીસે પાલનપુરના અન્ય પાંચ જેટલા શખ્સોને તપાસઅર્થે ઉઠાવી ગઇ હોવાના અહેવાલ સાંપડ્યા છે. આ શખ્સો પ્રિન્ટીંગ તેમજ ઝેરોક્ષના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદ ક્રાઇમ બ્રાંચની ટીમ છ દિવસ અગાઉ ગીતામંદિર વિસ્તારમાં નકલી ચલણી નોટો સાથે પાલનપુર રાજગઢી વિસ્તારની રાણીબાગ સોસાયટીમાં રહેતા ઝુનેદ ઉર્ફે સોનુ અને હનુમાન ટેકરી હિમાલય બંગ્લોઝમાં રહેતા વિરાટ ઉર્ફે ધીરજભાઇ રાવલને રૂપિયા ૫૦૦ના દરની ૭૦૦ તેમજ રૂપિયા ૧૦૦ના દરની ૧૧૦૦ નકલી ચલણી નોટો સાથે ઝડપી લીધા હતા. અને પોતે કાપડનો ધંધો કરે છે જેમાં દેવું થઇ જતાં બનાવટી નોટો છાપતા હોવાનું કબુલ્યું હતુ. દરમિયાન અમદાવાદ એસ. ઓ. જીની ટીમે પાલનપુરમાં આ શખ્સો જ્યાં નકલી નોટો છાપતા હતા ત્યાં તપાસ હાથ ધરી હતી. આ અંગે મળતી માહિતી મુજબ નકલી નોટો છાપવાના કારસ્તાન સાથે સંકળાયેલા અન્ય પાંચ શખ્સોને પણ તપાસ અર્થે અમદાવાદ લઇ જવાયા છે. જેઓ પ્રિન્ટીંગ તેમજ ઝેરોક્ષના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

## લડબી નદીના પટમાં ગેરકાયદેસર બાંધકામ સામે હોબાળો

### હોબાળાને પગલે પાલિકાને કામ બંધ કરાવવાની ફરજ પડી



સંજય જોષી

પાલનપુર

પાલનપુર હાઈવે પર આવેલા લડબી નદીના પટમાં ગેરકાયદેસર બાંધકામને લઈને સ્થાનિકોએ હોબાળો કર્યો હતો. સ્થાનિકોના હોબાળાના પગલે નગરપાલિકાના એન્જીનિયર ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક કામ બંધ કરાવવાની ફરજ પડી હતી.

પાલનપુર શહેરના મધ્ય ભાગમાં થી પસાર થતી લડબી નદીમાં અનેક ગેરકાયદેસર બાંધકામો અને ગેરકાયદેસર દબાણોને કારણે લડબી નદી લુપ્ત થઈ ગઈ છે. લડબી નદીનો પટ પચાસ ફૂટ જેટલો પહોળો હતો. જે અત્યારે પાંચ ફૂટ થઇ જવા પામ્યો છે. માત્ર બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોને ઘી કેળા કરાવવાની નીતિને પગલે નગરપાલિકા અને જમીન વિકાસ દફતરની કચેરીએ આડેધડ ખોટી બાંધકામની પરમિશન આપી અને નદીના પટને લુપ્ત કર્યો હોવાની બૂમરાણ મચી છે. ત્યારે વર્ષ ૨૦૦૫, ૨૦૧૪ અને ૨૦૧૭માં આવેલા પૂરને કારણે અહીંની સ્થાનિક સોસાયટીઓ સહિત શહેરીજનો બેટમાં ફેરવાઈ ગયા હતા. ત્યારે હવે આ ગેરકાયદેસર દબાણો દૂર કરી અને ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડી લડી લડબી નદીના પટને

અનુસંધાન પાના નં.૬

## થરાદના જાંદલા નજીકની નર્મદા કેનાલમાં બે બાળકો ડુબી મર્યા

### પાણી પીવા ગયેલા માસુમ બાળકોના મોતથી અરેરાટી



વિષ્ણુ દવે

થરાદ

પ્રાપ્ય માહિતી મુજબ શનિવારની સાંજના સુમારે થરાદ તાલુકાના જાંદલા ગામની સીમમાંથી પસાર થતી નર્મદાની મુખ્ય નહેર પાસે આશરે દસથી બાર વર્ષના ત્રણ ચાર બાળકો રમતાં રમતાં આવી ચડ્યા હતા.જે પૈકી એક પાણી પીવા જતાં તે લપસી પડ્યો હતો. આથી પિતરાઈને બચાવવા માટે ખેંચવા જતાં બીજો પણ લપસી પડતાં નહેરના પાણીમાં બંન્ને ડુબી જવા પામ્યા હતા.આ બનાવ જોઈને દોડેલા બીજા છોકરાઓએ જાણ કરતાં બહોળી સંખ્યામાં આજુબાજુના ખેડુતો અને પરિવારજનો દોડી આવ્યા હતા.આ અંગે સ્થાનિક તરવૈયાઓએ શોધખોળ કરતાં એક બાળક મળી આવ્યો હતો.જેને તાબડતોબ થરાદની સરકારી હોસ્પીટલમાં ખસેડાતાં તેને મૃત જાહેર કરાયો હતો.

અનુસંધાન પાના નં.૬

## દેશને સૌથી વધુ પરિશ્રમ કરનારા વડાપ્રધાન મળ્યા છે : અમિત શાહ

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રની એનડીએ સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજે ભાજપ પ્રમુખ અમિત શાહે સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. આ ગાળા દરમિયાન તેઓએ વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા હતા. શાહે કહ્યું હતું કે વિરોધ પક્ષો મોદીને દુર કરવાના પ્રયાસમાં લાગેલા છે. જેના લીધે તેઓ જુઠ્ઠાણાના બળે અને જાહેર રીતે નિવેદનબાજી કરી રહ્યા છે. જ્યારે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એજન્ડો ગરીબી અને ભ્રષ્ટાચારને દુર કરવાનો રહેલો છે. કોંગ્રેસ પર પ્રહારો કરતા શાહે કહ્યું હતું કે લોકશાહીને દાવ ઉપર મુકી દેનાર લોકો અમને કહી રહ્યા છે કે આજે ભયનો માહોલ થયેલો છે. ભાજપના પ્રમુખે કહ્યું હતું કે પ્રજા સરકારની સાથે ચટ્ટાનની જેમ ઉભી છે અને અમને આશા છે કે ૨૦૧૯માં પણ મોદી સરકારને વધુ એક તક આપશે.પત્રકાર પરિષદ દરમિયાન અમિત શાહે કહ્યું હતું કે સારા કામના પરિણામે જ આજે ૨૦ રાજ્યોમાં એનડીએ સરકાર બની ચુકી છે. અમે દેશની ૬૫ ટકા વસ્તીની સેવા કરી રહ્યા છે. કેટલાક રાજ્યોના સ્થાનિક એકમોની ચુંટણીમાં પણ પાર્ટીએ જોરદાર દેખાવ કર્યો છે.

## ધનાલી લૂંટ કેસનો આરોપી ત્રણ દિવસના રિમાન્ડ પર

### લૂંટ ને અંજામ આપનાર અન્ય ચાર આરોપી પોલીસ પકડ થી દુર:રિમાન્ડ દરમિયાન અન્ય ગુનાના ભેદ બહાર આવશે

પ્રતિનિધી છાપી

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ધનાલી ગામ પાસે દૂધ મંડળીના મંત્રી ને એક પખવાડીયા પૂર્વે બનાસ બેંક માંથી ગ્રાહકોના નાણા લઈને આવી રહ્યા હતા તે દરમિયાન રસ્તામાં ડેરીના મંત્રી ને આંતરી હવામાં ફાયરિંગ કરી મંત્રી પાસે રહેલ રૂપિયા ૧૮ લાખ ની સનસનીખેજ લૂંટ કરીઆરોપીઓ ફરાર થઈ ગયા હતાજેને લઈ બનાસકાંઠા પોલીસ હરકતમાં આવતા આ લૂંટનો ભેદ ઉકેલવા અમદાવાદ ક્રાઈમ બ્રાંચની મદદ લેવાઈ હતી આઘટનાનો ભેદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગણતરી ના દિવસો માં ઉકેલતા વડગામ નાં નરાસળ ના એક શખ્સની અટકાયત કરી હતી જેને આ લૂંટ ની કબૂલાત કરી હતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ના અધિકારીઓ દ્વારા આરોપી નરેશભારથી ગણપતભારથી ને શુક્રવારે વડગામ પોલીસ ને સોંપ્યો હતો જેથી વડગામ પોલિસે લૂંટ ની અંદર સન્ડોવાયેલ અન્ય આરોપી ને ઝડપવા તેમજ અન્ય

અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### જમ્મુ કાશ્મીર : ઘુસણખોરીના પ્રયાસમાં ૫ ત્રાસવાદી ફૂંકાયા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા પાર કરીને ભારતમાં ઘુસણખોરીના પ્રયાસમાં પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. ફૂંકાયેલા ત્રાસવાદીઓ પૈકી તમામ ખતરનાક ત્રાસવાદીઓ હતા અને હથિયારોની ટ્રેનિંગ મેળવીને આવ્યા હતા. તેમના કાશ્મીરમાં આતંક મચાવવાના ઈરાદા હતા. ઘુસણખોરીના પ્રયાસને ત્રાસવાદીઓએ ફરી એકવાર નિષ્ફળ બનાવી દીધો છે. આજે સવારે તંગધાર સેક્ટરમાં ભારતીય સરહદમાં ઘુસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સેના દ્વારા હાલમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યુ છે. ભારત સરકાર દ્વારા રમજાનના મહિનામાં કાશ્મીર માં યુદ્ધવિરામના નિર્ણય બાદ ત્રાસવાદી ગતિવિધીમાં એકા એક વધારો થયો છે. જો કે સુરક્ષા દળો તેમના ઈરાદાને નિષ્ફળ કરી રહ્યા છે.

## પાટણની જાણીતી એમ.કે એજ્યુકેશન સંસ્થામાં ડીગ્રી એન્જિનિયરીંગ અને પોલીટેકનીકની ૩૦૦-૩૦૦ બેઠક મંજૂર

પાટણ

શિક્ષણ નગરી પાટણમાં ૨૦૦૦ ના વર્ષથી કાર્યરત વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.કે.કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજીકલ રીસર્ચના ડીગ્રી એન્જિનિયરીંગ અભ્યાસ ક્રમોમાં-૩૦૦ તેમજ એમ.કે. ઈન્સ્ટીટ્યુબ ઓફ ડીપ્લોમાં સ્ટડીઝ એન્ડ ટેકનોલોજીકલ રીઝર્વના પોલીટેકનીકલના અભ્યાસક્રમોમાં પણ ૩૦૦ બેઠકની મંજૂરી મળી છે.

ટૂંકા ગાળામાં શૈક્ષણિક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરનાર એમ.કે.એજ્યુકેશન કેમ્પસમાં ચાલતા ડીગ્રી એન્જિનિયરીંગ અને પોલીટેકનીકલના અભ્યાસક્રમો એ અનેક વિદ્યાર્થીઓની કારકીર્દી ઘડી છે. જેને ધ્યાને લઈ સરકાર દ્વારા આ વર્ષે ડીગ્રી એન્જિનિયરીંગ અને પોલીટેકનિકના અભ્યાસ ક્રમોમાં ૩૦૦-૩૦૦ બેઠક મંજૂર કરી છે. તેથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓને તેનો લાભ મળી રહેશે.

અત્રે ઉલ્લેખનિય છે કે એમ.કે.સંસ્થા (કેમ્પસ વિશાળ અને અદ્યતન લેપટોપ કોમ્પ્યુટર એ.સી.લેબ, સુસજ્જ લેબોરેટરી, એ.સી. કલાસરૂમ, કેન્ટીન, સ્ટુડન્ટ સ્ટોર, ડીજીટલ ઈ-લાયબ્રેરી, મેગેઝીન સામાયિક અને વાંચન કક્ષ, કોન્ફરન્સ રૂમ, એલ.સી.ડી. પ્રોજેક્ટર, સંપૂર્ણ એ.સી. સાથેનો સેમિનાર હોલ, સંપૂર્ણ વાઈફાઈ કેમ્પસ, ઈન્ડસ્ટ્રીઝ સાથે સતત સંપર્ક, મુલાકાત અને પ્લેસમેન્ટ માટેની એક્ટ-ીવીટી, રાષ્ટ્રીય કક્ષાની ટેકનીકલ, રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, અત્યાધુનિક સ્પોર્ટસ કેમ્પસ, ટ્રાન્સપોર્ટેશન સુવિધાથી સુસજ્જ છે તેથી તે વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી પુરવાર થઈ છે.

## નરેન્દ્ર મોદી ફરી પીએમ બને તેવી ૭૨ ટકા લોકોની ઈચ્છા

નવી દિલ્હી

વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી આજે સત્તામાં ચાર વર્ષ પૂર્ણ કરી ચુક્યા છે. નરેન્દ્ર મોદી પર લોકોનો વિશ્વાસ હજુ જોરદાર રીતે અકબંધ છે. ટાઇમ્સ મેગા ઓનલાઇન પોલના તારણ જારી કરવામાં આવ્યા છે. જેમાં મોદીની વિશ્વસનીયતા પર મંજુરીની મહોર લોકોએ મારી દીધી છે. નરેન્દ્ર મોદી હજુ પણ દેશમાં સૌથી લોકપ્રિય નેતા તરીકે અકબંધ રહ્યા છે. પોલમાં સામેલ કરવામાં આવેલા ૮૪૪૬૪૬ લોકોમાંથી બે તૃતિયાંશ લોકો અથવા તો ૭૧.૯ ટકા લોકોએ અભિપ્રાયા આપ્યો છે કે તેઓ ફરી એકવાર નરેન્દ્ર મોદીને વડાપ્રધાન માટે મત આપશે.

## જાહેર નિવિદા

બનાસકાંઠા - જિલ્લાના મુખ્ય વેપારી મથક ધાનેરા શહેરમાં ધાનેરા નગરપાલિકાની માલિકીના શીટ નં.૩૫,૩૬ સર્વે નં. ૫૨૭ પૈકી સીટી સર્વે નં. ૪૩૦૦ વાળી જમીન પર બાંધવામાં આવેલ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી પાલિકા બજાર શોપીંગ સેન્ટરની દુકાનો ભાડેથી આપવા શહેર સુધારણા વિકાસ ફંડ માટેની જાહેર હરાજી તા.૦૪/૦૬/૨૦૧૮ થી તા.૦૫/૦૬/૨૦૧૮ના ૧૦-૦૦ કલાકે શોપીંગના પ્રાંગણમાં રાખવામાં આવેલ છે.

આ શોપીંગ સેન્ટરમાં સરકારશ્રીના નિયમો મુજબ અનુસુચિત જાતી તથા અનુસુચિત જનજાતિ તેમજ આ જગ્યા પૈકીના દબાણદારો માટે દુકાનો અનામત રાખવામાં આવેલ છે.

સદરહું હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ ડીપોજીટ રૂા. ૨૫,૦૦૦/- રોકડા નગરપાલિકા કચેરીએ અગાઉથી ભરવાના રહેશે અથવા હરાજીના સ્થળે ભરપાઈ કરવાના રહેશે. જે ઈસમની હરાજી મંજુર થાય તેઓએ બીજી હરાજીમાં ભાગ લેવા બીજી વખત રૂા. ૨૫,૦૦૦/- ડીપોજીટ પેટે સ્થળ પર ભરપાઈ કરવાના રહેશે. ડીપોજીટની રકમ ભર્યા સિવાય હરાજીમાં ભાગ લઈ શકશે નહી.

હરાજી અંગેની શરતો હરાજીના સ્થળે વાંચી સંભળાવવામાં આવશે. હરાજી અંગેની વધુ વિગતો રજાના દિવસ સિવાય કચેરી સમય દરમ્યાન નગરપાલિકા કચેરીએ જોવા મળી શકશે. હરાજી મંજુર/નામંજુર કરવાની આખરી સત્તા મુખ્ય અધિકારીશ્રી/પ્રમુખશ્રીની રહેશે.

સ્થળ : ધાનેરા
તા.૨૫/૦૫/૨૦૧૮

(સહી)
મુખ્ય અધિકારી
નગરપાલિકા ધાનેરા

(સહી)
પ્રમુખ
નગરપાલિકા ધાનેરા

## ગતકડું....
- દેવન વ્યાસ



હવે આ મોંઘવારી નામની ડાકણ આપણી પાસે પણ ભીખ મંગાવશે ?

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## દ્વિતીય પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ.રમણપુરી જી. સ્વામી
આર.જી.સ્વામી
નિવૃત્ત મામલતદાર
સ્વ.૨૬/૫/૨૦૧૬

તમારા સ્મરણો તેમજ વાત્સલ્યભરી સ્મૃતિ સદાય અમારા હૃદયમાં જીવંત છે, આપનો માયાળુ અને નિસ્વાર્થ સ્વભાવ અમોને સદા પ્રેરણા આપતો રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારી સૌની અભ્યર્થના...

લિ. પુષ્કર આર.ગોસ્વામી, રંજન પી. ગોસ્વામી
અરર્ચિત પી.ગોસ્વામી, સલોની પી.ગોસ્વામી
તથા સમસ્ત ગોસ્વામી પરિવાર વડગામ

પૂજા એન્ટરપ્રાઈઝ
દુ-૧૧, રણછોડજી શોપીંગ સેન્ટર
વડગામ (બનાસકાંઠા) ઉત્તર ગુજરાત

જી.-૧૧ સ્વસ્તિક કોમ્પલેક્ષ
એમ.ટી.ડેપો સામે,
સબજેલની બાજુમાં, લુંછીકઈ રોડ, નવસારી
દક્ષિણ ગુજરાત



# ભીલડી રોડ પર કાન્તીનગરના પાટીયા નજીક લાકડા ભરેલ ટ્રેલર પલટ્યું

**દશ દિવસમાં હાઈવે ઉપર વાહન પલ્ટી ખાવાનો ચોથો બનાવ**



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ડીસા નજીક છેલ્લા કેટલાક દિવસોથી વાહનો પલ્ટી ખાવાના બનાવો વધી પડ્યાં છે જેમાં ગઈકાલે આખોલ ચાર રસ્તાથી થોડાક દુર કાન્તીનગર પાટીયા નજીક કંડલા તરફથી લાકડાની પટ્ટીઓ ભરી રાજસ્થાન તરફ જતું ટ્રેલર (નંબર એચ આર ૬૩ ડી ૩૩૮૯) અચાનક કોઈક કારણોસર રોડ વચ્ચે પલ્ટી ખાઈ જવા પામ્યુ હતુ જેથી ટ્રેલરના કેબિનના ભાગને મોટું નુકશાન થયું હતું પરંતુ ટ્રેલર ચાલકનો આબાદ બચાવ થયો હતો.

છેલ્લા દશ દિવસમાં હાઈવે. પર વાહનોના પલ્ટી ખાવાનો ચોથો બનાવ બનવા પામ્યો છે આ અગાઉ બનાસ પૂલ પર બે વાહનોએ પલ્ટી ખાધી હતી જ્યારે આખોલ ચાર રસ્તા નજીક પણ એક વાહને પલ્ટી ખાધી હતી. જેમાં વાહનોને વ્યાપક નુકશાન થવા પામ્યું હતુ પણ જેમાં રહેલ તમામ લોકોને સામાન્ય ઈજાઓ થઈ હતી ત્યારે ડીસા હાઈવે પર વાહનો પલ્ટી ખાવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે.

# થરાદના સીધોતરા પાસે ગેળાના યુવકનું અપહરણ કરી હુમલો અને એક લાખની લૂંટ

પ્રતિનિધિ થરાદ, ગેળા

લાખણીના ગેળાના દુદાભાઈ વાઘાભાઈ રાજપૂત જીજે ૭ બી આર ૭૮૬૨ નંબરની કાર ગામના દિલીપભાઈ નારણભાઈ રાજપૂતને વેચી હતી. તેમણે જેતડાના ઓટોકન્સલ્ટ ભરતભાઈ કરશનભાઈ રાજપુતને અને કન્સલ્ટે રાજસ્થાનના સાંચોરના પથમેડાના રબારી મફાભાઈને માસિક ૧૪૯૦૦ લોનના ૪૨ હપ્તા ભરવાની શરતે વેચેલ હતી.જેની નોટરી વાંતડાઉના સગથાભાઈના નામથી કરાવેલ હતી.જોકે ગાડીનો કબજો લઈને ગયા પછી મફાભાઈ રબારી લોનનો હપ્તો ભરતા ન હતા. તે દરમિયાન ગાડીને આગથળા પોલીસે ડિટેઈન કરી હોવાના સમાચાર મળતાં દુદાભાઈએ કારનો આરટીઓ પાલનપુર ખાતે દંડ ભરી ૨૩/૦૫/૧૮ના રોજ છોડાવી હતી. આ બાબતની જાણ મફાભાઈ ને થતાં તેણે ભરતભાઈ અને દિલીપભાઈને ફોન કરી ગાડી પાછી આપી દેવા દબાણ કરતાં ભરત તથા દિલીપે દુદાભાઈ ને ગાડી પાછી આપી દે નહીંતર તારા જાનનું જોખમ હોવાની વાત કર્યા બાદ શુક્રવારે થરાદના રાહના ગિરીશભાઈ રબારીનો ફોન આવ્યો હતો અને તેમણે કામ હોય મળવા આવવાની વાત કરી હતી

બીજી બાજુ શુક્રવારની સાંજના આઠેક વાગ્યાના સુમારે ઘેરથી જમીને દુદાભાઈ તથા ધીરાજી બાજુજી ઠાકોર રહે લાલપુર રાહ અને ઘુણસોલ કામ હોઈ લાલપુરના બળવંતજી ખાંનાજી ઠાકોરને લઈને રાહ કામપતાવી સાડા નવ વાગ્યાના સુમારે ઘુણસોલ જવા નીકળ્યા હતા.આ વખતે રાત્રીના આશરે દસેક વાગ્યાના સુમારે સીધોતરા પાસે ફિલ્મીઢબે એક એકસ યુ વી

અનુસંધાન પાના નં.૬

**પાલનપુર ખાતે કોંગ્રેસની પત્રકાર પરિષદ યોજાઈ**

# ભાજપના ૪ વર્ષના શાસનમાં પ્રજા સાથે વિશ્વાસઘાત થયો છે : કોંગ્રેસ



પાલનપુર

પાલનપુર શહેરના લોકો અનેક સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે. જેમાં ટ્રાફિક, ગંદા પાણીના નિકાલ સહિતના પ્રશ્નો મુખ્ય છે. આ અંગે સંકલન સમિતિમાં પણ રજૂઆત કરવામાં આવી છે. એરોમા સર્કલ નજીક માટીના ઢગ ખડકાયા છે. જો દસ દિવસમાં તે દૂર નહી કરવામાં આવે તો હું જાતે ટ્રેક્ટર ચલાવી આ માટી હટાવીશ તેમ પાલનપુર ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલે જણાવ્યું હતુ.

ભાજપ શાસિત કેન્દ્ર સરકારે ચાર વર્ષ પુરા કર્યા છે. પરંતુ તેમના આ શાશનમાં પ્રજા સાથે વિશ્વાસઘાત જ કર્યો છે. આ મુદ્દે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી દ્વારા શનિવારે પાલનપુર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, કેન્દ્રની સરકાર માત્ર જુઠ્ઠાણું ચલાવી ભ્રષ્ટાચારને પોષી રહી છે. ખેડૂતોના અનાજના ટેકાના ભાવ હોય કે પાક વિમાની રકમ કે પછી દેવા માફી તેમાં અન્યાય જ થયો છે. કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. શિક્ષિત યુવકોને રોજગારી આપવાનું વચન નિભાવ્યું નથી. બધાજ તબક્કે ભાજપની સરકાર નિષ્ફળ નિવડી છે. જયારે પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલે શહેરની સમસ્યાઓ અંગે જણાવ્યું હતુ કે, શહેરમાં રૂપિયા ૧૩૭ કરોડની ભૂર્ગભ ગટર યોજનાના નાણાં વેડફાઈ ગયા છે. ગંદાપાણીનો કોઈ નિકાલ કરવાની નક્કર કામગીરી થઈ નથી. કોંગ્રેસ શાશિત પાલિકાના સમયમાં સદરપુર ખાતે ગંદા પાણીનો નિકાલ કરાતો હતો. ત્યાં ભાજપ દ્વારા ગેરકાયદે મકાનો બનાવી દેવામાં આવ્યા છે. ગંદુ પાણી માન સરોવરમાં ઠાલવવામાં આવી રહ્યું છે. લડબી નદીમાં દબાણો થઈ ગયા છે. ટ્રાફિકની સમસ્યા વકરી છે. જેમાં પણ એરોમા સર્કલ ફરતે જામેલી રેતી દૂર કરવા એસડીએમને દસ દિવસની મહેતલ આપી છે. જો કામગીરી નહી થાય તો હું જાતે ટ્રેક્ટર ચલાવી આ રેતી દૂર કરીશ. આ પ્રેસ કોન્ફરન્સમાં વિરજીભાઈ જુડાલ, લક્ષ્મીબેન કરેણ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**ડીસા એરપોર્ટ નજીકના જમીનધારકો માટે સારા સમાચાર**

# ડીસા એરપોર્ટની માલિકી એરફોર્સની નહિ,એરપોર્ટ ઓથોરિટીની છે : જિલ્લા કલેકટરની સ્પષ્ટતા

**ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીની રજુઆત બાદ જિલ્લા કલેકટરે સ્પષ્ટતા કરતા જમીન અને મિલકત ધારકોને હાશકારો**

ડીસા

બનાસકાંઠાના ડીસા ખાતે ભારતીય વાયુ સેનાનું નવું મથક સ્થાપવાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી હોવાની વિગતો બહાર આવ્યા બાદ ડીસાના વર્તમાન એરપોર્ટ આજુબાજુ આવેલા રહેણાંક અને ખેતીલાયક વિસ્તારના રહીશોમાં તેમની માલિકીની જમીન એરફોર્સ સ્ટેશન માટે સંપાદિત થવાનો ભય સર્જાયો છે અને સ્થાનિક લોકોના જીવ તાળવે ચોટયા છે.જોકે આ મામલે ડીસાના જાણીતા રાજકીય અગ્રણી અને ગુજરાત સરકારના સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીની રજૂઆતના પગલે જિલ્લા કલેકટરે આ મામલે સત્તાવાર સ્પષ્ટતા કરતા ડીસા એરપોર્ટ આજુબાજુ જમીન ધરાવતા લોકોએ રાહતનો દમ લીધો છે.

કેન્દ્ર સરકારે તાજેતરમાં જ ડીસા ખાતે ઈન્ડિયન એરફોર્સનું નવું મથક સ્થાપવાની જાહેરાત કરતા ડીસાના હયાત એરપોર્ટ આજુબાજુની જમીન વાયુદળના સૂચિત નવા મથક માટે સંપાદિત થવાની દહેશત સર્જાતા જમીનમાલિકો તેમજ અન્ય મિલ્કતધારકો ચિંતિત બની ગયા છે અને કેન્દ્ર સરકારની જાહેરાત બાદ રીતસર ભયનો માહોલ સર્જાયો છે.ત્યારે આ મામલે સત્તાવાર વિગતો બહાર લાવવા માટે જમીનમાલિકો અને મિલકત ધારકોએ ડીસાના જાણીતા રાજકીય અગ્રણી અને ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી સમક્ષ રજૂઆતો કરી હતી.જેના પગલે મગનલાલ માળીએ આ મામલે સત્તાવાર સ્પષ્ટતા કરવા જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરતા મગનલાલ માળીની રજૂઆતના પગલે જિલ્લા કલેકટરે પણ ડીસા સ્થિત એરપોર્ટ સંકુલની માલિકી એરફોર્સની નહિ પણ એર ઈન્ડિયા કંપનીની હોવાની સત્તાવાર સ્પષ્ટતા કરી છે.



ડીસા સ્થિત એરપોર્ટની જગ્યાએ ભારતીય વાયુદળનું નવું મથક બનવાની દહેશતથી સર્જાયેલ

અનુસંધાન પાના નં.૬

### જિલ્લા કલેક્ટર શું કહે છે?



જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલેએ જણાવ્યું હતું કે બનાસકાંઠામાં વાયુ દળના નવા મથકની સ્થાપના માટે ભારતીય વાયુ સેના દ્વારા ૧૯૮૯ના વર્ષે જે તે વખતે ડીસા તાલુકામાં સમાવિષ્ટ જાકોલ, કમોડા, નાણી, વરનોડા, રામપુરા અને સેકરા ગામની જમીન સંપાદિત કરાયેલ છે જ્યારે ડીસાના સર્વે નંબર ૧૭,૧૮,૧૯,૨૦ અને ૨૯ ની જમીન ૧૯૪૧ ના વર્ષે નાગરિક ઉડ્ડયનના વિમાનો ઉતારવા માટે એરપોર્ટ બનાવવા સંપાદિત કરાયેલી છે. હાલમાં આ બંને જમીનોની માલિકી બે અલગ અલગ ઓથોરિટીઓની છે એટલે કે ડીઆઈએસ એરપોર્ટની જગ્યા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કબ્જામાં છે જ્યારે નાણી આજુબાજુ ૩૦ વર્ષ પૂર્વે સંપાદિત થયેલી જમીન જ વાયુદળના કબ્જામાં છે.

# વડગામના પીલુચા નજીક એક કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપાયો

## આરોપી કાર મૂકી ફરાર પોલીસે કાર કબ્જે કરી તપાસ હાથ ધરી



સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

બનાસકાંઠા પોલીસ અધિક્ષક દ્વારા પ્રોહિબિશનના ગુના ઓને નેસ્તનાબૂદ કરવા સતત સૂચનાઓ આપતા છાપી પી.એસ.આઈ એમ.એમ.દેસાઈ તેમજ પોલીસ સ્ટાફ દ્વારા વડગામ તાલુકાના પીલુચા અને થલવાડા વચ્ચે પેટ્રોલિંગ કરી રહયા હતા તે દરમિયાન એક ખાનગી બાતમી મળેલ કે એક મારૂતિ કાર માં દેશી દારૂ ભરી પીલુચા તરફ જઈ રહી છે જેથી પોલિસે પીલુચા અને થલવાડા વચ્ચે નાકાબંધી કરી કરી હતી જે દરમિયાન એક મારુતિના કાર સામે થી આવતા ચાલકે પોલીસની ગાડી જોઈ થલવાડા થી ઈકબાલગઢ તરફ કાર ને ભગાડી નાસી છુટતા પોલીસે કારનો પીછો કર્યો હતો દરમિયાન કારનો ચાલક કાર મૂકી નાસી છૂટ્યો હતો પોલીસે કારને ઝડપી તલાશી લેતા કારમાંથી દેશી દારૂ રીટર ૪૫ કિંમત રૂપિયા ૯૦૦ કારની કિંમત રૂપિયા ૨૦૦૦૦ મળી કુલ ૨૦૯૦૦ નો મુદ્દામાલ કબજે કરી અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# કાંકરેજના ખેડૂતોના વીજ પુરવણી બીલનો દંડ રાજ્ય સરકારે માફ કર્યો

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં જુલાઈ-૨૦૧૭ ની પૂર તારાજીએ ખેડૂતોની કમર ભાંગી નાખી હતી તેમાંય બનાસનદી પટ વિસ્તારમાં જમીન ધોવાણ -પાક નિષ્ફળ તથા આર્થિક રીતે ભારે નુકશાન થયેલ. ત્યારે બે મહીના પહેલાં વીજ કનેકશનમાં ચેકીંગ ઝુબેશ યુજીવીસીએલ દ્વારા હાથ ધરાઈ હતી. જેમાં વીજ કનેકશનમાં વીજ પુરવણી બીલ દંડ ખેડૂતોને ભારે રકમ ભરવા નોટીસો ફટકા રેલી જેનાથી સમગ્ર બનાસકાંઠાના ખેડૂત આલમમાં રોષની લાગણી ફેલાઈ હતી. કાંકરેજ તાલુકાના થરા માર્કેટયાર્ડના ચેરમને અણદાભાઈ પટેલને ખેડૂતોએ આ અંગે રજુઆત કરતાને આ વીજ પુરવણી દંડ બીલ ના ભરવું પડે તેવું કંઈક કરો આ રજુઆતના પગલે માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, કિસાનસંઘના કુરાભાઈ પટેલે ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલને ખેડૂતોનો આ પશ્નની ધારદાર રીતે રજુ કરતાં ઉર્જામંત્રી સૌરભ પટેલે ખેડૂતલક્ષી માંગણી યોગ્ય છે જેનો સ્વીકાર કરી પૂરવણી દંડ બીલ માફ કરેલ અને ખેડૂતોને પોષાય તેવી સોલાર પેનલની યોજના બનાવી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવા અધિકારીઓને સૂચના આપેલ. થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલની ખેડૂત લક્ષી રજુઆત ઉર્જામંત્રીએ સ્વીકારી દંડ માફ કર્યો તે બદલ ખેડૂતોએ ચેરમેન તથા કિસાન સંઘનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અમીરગઢ પોલીસે ચોરીના બે મોટર સાયકલ સાથે એક શખ્સને ઝડપી લીધો

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ પોલીસે ચોરીના બે મોટરસાયકલ સાથે એક શખ્સને ઝડપી લીધો છે.આ શખ્સ પાસેથી મળેલા. બન્ને મોટરસાયકલ ઈકબાલગઢમાંથી ચોરાયા હોવાની વિગતો બહાર આવી છે. અમીરગઢ પોલીસે આંબાપાણી નજીક વાહન ચેકિંગ દરમિયાન આ આદિવાસી શખ્સને ઝડપી લઈ ચોરીના મોટરસાયક્લ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધાનેરામાં બીન વારસી બાઈક મળ્યું

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસને હીરો હોન્ડા સ્પ્લેન્ડર નંબર પ્લેટ વગરનું એસ્સાર પેટ્રોલ પંપ નજીકથી મળી આવતાં પોલીસે કબજે લઈ આગળની કાર્યવાહી કરી હતી.

ટુકી હકીકત એવી છે કે હરજીભાઈ પચાણભાઈ જમાદાર ટાઉનમાં રાઉન્ડમાં હતા તે દરમ્યાન તેઓ એસ્સાર પેટ્રોલપંપ નજીકથી પસાર થતાં નંબર પ્લેટ વગરનું હીરોહોન્ડા સ્પ્લેન્ડર મળી આવતાં તેનો ચેચીસ નંબર ચેક કરે, એકલવ્ય એલ્પીકેશનમાં ચેક કરતાં પ્રથમ કક્ષાએ જી.જે.૮. એએસ.૦૬૧૫ હોવાનું જણાતા તેના માલીક સુધી પહોંચવા પોલીસે પ્રયાસ હાથ ધર્યા છે.

# લાલાવાડા ગામમાં દેવીપૂજક પરિવારને ઝેરની અસર

**શાકમાં ભૂલથી ઉંદર મારવાની દવા નાખતા ૪ ને સારવાર અર્થે ખસેડાયા**

પાલનપુર

પાલનપુર તાલુકાના લાલાવાડા ગામમાં દેવીપૂજક પરિવારના ૪ સભ્યો ભૂલથી ઉંદર મારવાની દવા શાક સાથે આરોગી જતા તેઓની તબિયત લથડી હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. પાલનપુર તાલુકાના લાલાવાડા ગામમાં અજીબો ગરીબ બનાવ બન્યો હતો. જેમાં દેવીપૂજક પરિવારે ભૂલથી ઉંદર મારવાની દવા શાકમાં નાખી દીધી હતી. જે શાક ખાતા પરિવારના ૪ લોકોને ઝેરની અસર થતા તબિયત લથડી હતી. જે અસરગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

**અસરગ્રસ્તોની યાદી**

(૧) જયંતિભાઈ હીરાભાઈ પટણી ઉ.૩૦, (૨) ગીતાબેન જયંતિભાઈ પટણી ઉ.૨૮, (૩) સોનલબેન જયંતિભાઈ પટણી ઉ. ૧૩, (૪) હરેશભાઈ જયંતિભાઈ પટણી ઉ.૮, તમામ રહે. લાલાવાડા તા.પાલનપુર.

# ભાભર પાલિકા સદસ્યની માર્કેટ સમિતિના સભ્ય તરીકે નિમણુંક



તા.પ્રતિ. ભાભર

ભાભર એ.પી.એમ.સી.માં નગરપાલીકાના સભ્યને મુકવાનો મુદ્દો છેલ્લા બે વર્ષથી ચર્ચાતો હતો. ત્યારે ભાજપના મોવડી મંડળ વિચાર વિમર્શ કરી તા.૨૫/૫/૨૦૧૮ ની સામાન્ય સભામાં ભાભર માર્કેટયાર્ડના ડીરેક્ટર તરીકે પાલીકાની બોડીમાંથી યુવા અગ્રણી અને ભાજપના સક્રિય કાર્યકર એવા પત્રકાર વનરાજસિંહ હિમતસિંહ રાઠોડના નામનો ભાજપ પક્ષ દ્વારા મન્ટેડ આપવામાં આવતા પત્રકાર આલમ અને ભાજપ કાર્યકરોમાં હર્ષની લાગણી જન્મી છે.

# પાલનપુરમાં નાસ્તાની લારી ધારકને પાંચ શખ્સોએ માર માર્યો

પાલનપુર

જિલ્લા મથક પાલનપુરમાં પાલક પકોડાનો નાસ્તો કરવા આવેલ પાંચ શખ્સોએ દુકાનદાર પર લાકડીઓ વડે હુમલો કરતા ચકચાર મચી હતી.આ ઘટનાના જીવંત દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે.

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરમાં ડો.ગિરધર પટેલ માર્ગ પર બનેલી મારામારીની ઘટના છે.ગત ૨૦ મે ના રોજ બપોરે બનેલી મારામારીની આ ઘટનામાં કેટલાક લબર મુછિયા શખ્સોએ લાકડીઓ અને બેઝબોલ સાથે પકોડાની દુકાનમાં ઘુસી જઈ દુકાનદાર પર અચાનક હુમલો કરી દેતા અફડાતફડી મચી ગઈ હતી. આ હુમલામાં દુકાનદારને લોહી લુહાણ કર્યા બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા.આ હુમલાનો ભોગ બનેલાં નાગજીભાઈ પંચાલે આ બનાવ અંગે પૂર્વ પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવી છે.પકોડાનો નાસ્તો કરવા આવેલા હુમલાખોર શખ્સોને પાઉં નહી મળતા તેમને દુકાનદાર સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી.બાદમાં આ શખ્સોએ પાલકપકોડાના દુકાનદારને ધમકી આપ્યા બાદ બપોરના સમયે પાંચ જેટલા શખ્સોએ આ દુકાનમાં ઘૂસી જઈ પાલક પકોડા બનાવનાર પર ઓચિંતો હુમલો કરી દીધો હતો.પાલનપુરમાં થયેલી મારામારીની આ ઘટના સી. સી.ટી.વી. કેમેરામાં પણ કેદ થઈ હતી.આ ઘટનામાં વગર વાંકે હુમલાનો ભોગ બનેલા દુકાનદારે ન્યાયની માંગણી કરી છે.

# પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ - મંત્રી પરબતભાઈ પટેલ



પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના કરણપુરા અને ધાનેરા તાલુકાના કુંમર ગામે સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત ચાલતા તળાવ ઉંડા કરવાના કામોનું સિંચાઈ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલે નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રી પરબતભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે તા. ૧ લી મે- ગુજરાતના સ્થાપના દિવસથી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિરાટ પાયે જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભરૂચ જિલ્લાના ગામથી તળાવ ઉંડા કરવાના કામોનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. તેમણે ઉમેર્યું કે મુખ્યમંત્રી વિજયાભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃ?ત્વ અને માર્ગદર્શન અનુસાર તા. ૩૧ મે સુધી જળ સંચયના કામો ચાલશે. જેનાથી લાખો ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થશે.

મંત્રી પરબતભાઈ પટેલે કહ્યું કે સિંચાઈ વિભાગ દ્વારા વર્ષોથી જળ સંચયના કામો તો કરવામાં આવે છે પરંતુ તેમાં લોકો જોડાતા આ કામોને વેગ મળ્યો છે. અત્યારે સમગ્ર રાજયમાં જળ સંચયના કામો માટે સ્વૈચ્છીક સંસ્થાઓ આગળ આવતા વિશાળ પ્રમાણમાં જળ સંચયના કામો કરી શકાયા છે. તેમણે જણાવ્યું કે થરાદથી સીપુ ડેમ સુધીના રૂટમાં આવતા ૭૮ જેટલાં તળાવોને પાઈપલાઈનથી ભરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રી પટેલે કહ્યું કે બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર રાજયમાં મોટા પ્રમાણમાં તળાવો, ચેકડેમો ઉંડા કરવાનું અને નદીઓનું ડીશિલ્ટિંગ કરવાનું કામ ચાલે છે. જેનાથી આવનારા ચોમાસામાં ભૂગર્ભના તળ રિચાર્જ થશે અને સિંચાઈમાં ફાયદો થશે. તેમણે કહ્યું કે ભૂતકાળમાં પીવાના પાણી માટે બહેનોને માથા ઉપર બેડાઓ લઈ દૂર દૂર સુધી પાણી ભરવા જવું પડતું હતું. પરંતુ હવે તો સમગ્ર જિલ્લામાં પીવાના પાણીની બહુ સરસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં કોંગ્રેસ દ્વારા વિશ્વાસઘાત દિવસ મનાવાયો



સંજય જોષી

પાલનપુર

ભાજપ શાસિત કેન્દ્રની મોદી સરકારની નિષ્ફળતા અને જુઠ્ઠાણાનો પર્દાફાશ કરવાના હેતુથી કોંગ્રેસ દ્વારા વિશ્વાસઘાત દિવસ મનાવવામાં આવ્યો હતો.

પાલનપુર ખાતે ગુરૂનાનક ચોકમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા કાળી પટ્ટી ધારણ કરી ભારત સરકારની નિષ્ફળતાના પ્લેકાર્ડ લઈને "બહુત હુઈ મહગાઈ કી માર... બસ કરો મોદી સરકાર"પ,મોદીજીને કયા કીયા દેશકો બરાબાદ કીયા...જેવા સુત્રોચ્ચારથી ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. આ કાર્યક્રમમાં કોંગ્રેસના પદાધિકારી સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કોતરવાડા નકળંગ ગૌશાળાની મામલતદારે મુલાકાત લીધી



નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

૨૦૧૭ ના પુર અને હાલની ઉનાળાની કાળઝાળ ગરમીમાં બનાસકાંઠા જિલ્લામાં ઘાસની તીવ્ર અછત વર્તાય છે તેથી પાંજરાપોળ અને ગૌશાળાઓમાં નભતા પશુઓને બચાવવા ના છુટકે સંચાલકોને સરકાર સામે આંદોલન છેડવું પડ્યું હતું. તેથી સરકાર દ્વારા આ જીવદયા પ્રેમી સંસ્થાઓને ઘાસ પહોંચતું કરવામાં આવી રહ્યું છે. પરંતુ અમુક ઘાસની ગાંસડીઓ પશુઓને ખાવાલાયક ન હોવાની ગૌશાળાઓના સંચાલકો દ્વારા બુમરાડ ઉઠવા પામી હતી.

અનુસંધાન પાના નં.૬

# વડગામ તા.યુથ કોંગ્રેસ દ્વારા વિશ્વાસઘાત દિવસ મનાવાયો



પુષ્કર ગોસ્વામી

## પેટ્રોલ - ડીઝલના ભાવ વધારો પાછો ખેંચવા માંગ

તા.પ્રતિનિધિ વડગામ

કેન્દ્ર સરકાર દ્વારા ચાર વર્ષના શાસનમાં પેટ્રોલ ડીઝલનો ભાવ વધારો જીંકી તમામ ક્ષેત્રે મોંઘવારીએ માઝા મુક્તા ગરીબ - મધ્યમ વર્ગને જીવવું મુશ્કેલ બન્યુ છે. ત્યારે કોંગ્રેસના યુવકોએ ગતરોજ તાલુકા મથક વડગામ બસસ્ટેન્ડ ઉપર ધરણા યોજી સુત્રોચ્ચાર કરી વિશ્વાસઘાત દિવસ મનાવ્યો હતો.

ગઈકાલે તારીખ ૨૬ મી મે ૨૦૧૮ શનિવાર સવારે ૧૦.૦૦ કલાકે ગુ.પ્રદેશ યુથ કોંગ્રેસ મહામંત્રી કલ્પેશભાઈ જે.ચૌધરીની ઉપસ્થિતિમાં તા.યુથ કોં.પ્રમુખ દેવુસિંહ ડાભીની અધ્યક્ષતામાં વિશ્વાસઘાત દિન નિમિત્તે વડગામ બસસ્ટેન્ડ ચોતરા ઉપર સુત્રોચ્ચાર કરી ધરણાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તા.પં.કારોબારી અધ્યક્ષ નવિનસિંહ રાજપુત, જિ.પં.પૂર્વ અધ્યક્ષ અજીતસિંહ હડીયોલ, ભિખાભાઈ કોરોટ (આઈ.ટી. સેલ) તા.કોં. ઉપપ્રમુખ રફીખાન પઠાણ ભરતભાઈ વિહોલ, સાયરાબેન કાબેટ સહિત કોંગ્રેસના યુવા અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# રવિયાણા ગામે તળાવ ઉંડુ કરવાની કામગીરીનું નિરીક્ષણ

**ગ્રામજનો દ્વારા વિચરતી જાતી સમુદાય મંચના દાતાનું સન્માન**



મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાના રવિયાણા ગામે છેલ્લા ૧૦ દિવસથી રાજ્ય સરકારના જળસંચયય અભિયાન અંતર્ગત વિચરતી જાતિ સમુદાય મંચ સંસ્થા તેમજ ગ્રામજનોના સાથ સહકારથી તળાવ ઉંડુ કરવાની કામગીરી પુરજોષમાં ચાલી રહેલ છે જેની સીધી દેખરેખ વિચરતી જાતિ સમુદાય મંચન મીતલબેન પટેલ રવિયાણા ગામે પધારતા ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ અને રવિયાણાના તળાવને ઉંડુ કરવામાં સંસ્થા તરફથી જે સાથ સહકાર અને સહયોગ મળેલ તે બદલ ગ્રામજનો દ્વારા તેમનો આ ભગી-રથ કાર્યમાં સહકાર મળેલ તે બદલ આભાર વ્યક્ત કરવામાં આવેલ ગ્રામજનો દ્વારા વધુ ફાળો આપી તળાવ વધુ ઉંડુ કરવાની સંસ્થાપાસે માંગણી કરતા તે સ્વીકારી તે બદલ આભાર વ્યક્ત કરેલ રવિયાણા દૂધ મંડળીના ચેરમેન કલાભાઈ પટેલ દ્વારા તથા સભ્યો દ્વારા ૩૦,૦૦૦ રવિયાણાનો ચેક મીતલબેનને અર્પણ કરવામાં આવેલ આ પ્રસંગે મીતલબેન મેડમ વિચરતી જાતિ સમુદાય મેચ, સંસ્થાના સંઘવી વકીલ મુંબઈ, નારણભાઈ, કલાભાઈ પટેલ,

અનુસંધાન પાના નં.૬

## કેપ્સુલ

તારી બહેનની ઉંમર કેટલી છે ?

ચમેલી : પચીસ વરસ.

ચંપાઃ પણ એ તો વીસ વરસની છે એમ મને કહેતી હતી.

ચમેલી : હા.. એ પાંચ વરસની થઈ એ પછી જ એ ગણતરી કરવાનું શીખી હતી..

૦૦૦

મહેશ : આપણે જીવનમાં દરેક વાત માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ.

રાકેશઃ પણ હું તો માથાથી પગ સુધી દેવામાં ડુબેલો છું. લેણદારો મને પરેશાન કરી રહ્યા છે. દેવું ચુકવવા માટે મારી પાસે એક પૈસો પણ નથી અને હું કઈ રીતે ઈશ્વરનો આભાર માનું ?

મહેશ : કઈ રીતે એટલે ?તેં કોઈને ઉધાર નથી આપ્યા એ રીતે ?

૦૦૦૦

બહાર જોરદાર વરસાદ પડતો જોઈને પત્નીએ પતિને કહ્યું, આ મને ચોમાસુ બિલકુલ પસંદ નથી.

પતિ : થોડાક દિવસ પહેલાં તું કહેતી હતી કે મને ગરમી બિલકુલ પસંદ નથી. તું શું મારી જેમ મોસમને પણ નોકર સમજી બેઠી છે.

૦૦૦૦૦



# ડર કોનો ?

**કંઈક નરમ કંઈક ગરમ** — **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

તાજેતરમાં ઓફીસમાં ગયો કે થોડી વાર પછી પટાવાળો મને આવીને કહે, જાવ બોસ બોલાવે છે.. મેં પુછ્યું શા માટે ? પટાવાળો કહે, મને ખબર નથી. બોસ શું કામ બોલાવતા હશે ? પણ મને લાગે છે તમોએ કંઈક લોચો માર્યો હશે.. કંઈક છબરડો વાળ્યો હશે.. કંઈક બોલાવેની.. પટાવાળાની વાણી સાંભળી મને ભરી ઓફિસમાં બુટે બુટે મારવાની જરાય ઈચ્છા ના થઈ. હવે આ ઈચ્છા જાણે વાવાઝોડું આવે ત્યારે એકદમ પ્રચંડ હોય પછી નબળી પડી જાય છે એમ.. આજકાલ બુટ મારવાની ઈચ્છા નબળી પડી જાય છે પણ બુટને બદલે ટોટો પીસી દેવાની ઈચ્છાઓ ઉભી થવા લાગી છે. જો કે ક્રાઈમ અંગે આવતી સીરીયલોમાં એક અચુક કહે છે કે કાયદો હાથમાં લેવો નહીં, નહીં તો જેલ માર્ગ નક્કી થઈ જશે. જે માર્ગ નક્કી થવો હોય એ થાય.. પણ મને ભરી ઓફિસમાં પટાવાળાનો પારો ઉતારી દેવાની ઈચ્છા થઈ આવી.

ખેર ઈચ્છાઓ તો બધીય જાગે પણ એમ એનું પગલું ભરાતું નથી. ભરીએ તો જગતમાં જીવી ન શકીએ. જવા દો એ વાત.. પટાવાળાએ મને કહ્યું અને હું બોસની કેબીનનો કાચનો ગેટ ખોલી રજા માગી અંદર ઘુસ્યો.

એ આવો આવો...

બોસ બોલ્યા, મને લાગ્યું કયાંક હું કોઈક ગાયક કલાકારના ડાયરામાં ઘુસી તો નથી ગયો ને ? બીજી પળે સામે નરકના પતી બેઠા હોય એવી કલ્પનામાં હું ખોવાઈ ગયો.. ચંદ ક્ષણને માટે હું જાણે પૃથ્વી પર છું કે નહીં ?

એ આવો આવો..

મેં ફરી વાર સાંભળ્યું મને થયું શિવરાત્રીના દિવસે લોકો ભાંગનું સેવન કરે છે. એવું થોડું છે માનવી ઈચ્છે ત્યારે ભાંગનું સેવન કરી શકે છે. જોકે શિવરાત્રી એ તો શું અન્ય સામાન્ય દિવસે પણ કોઈ પતિ મહાશયે પોતાની પત્નીને સુચના કરી નથી. રોજ સવારે ચા કોફી પીવડાવે છે. એક દિવસ ભાંગ બનાવ. મારે પીવી છે પત્નીને ભાંગ બનાવવાનું કહો, અને પછી શું થાય એની મને કશી ખબર નથી. પણ હું મારી પત્નીને ભાંગ બનાવવાનું કહી શકયો નથી.. મને થયું બોસ સવાર સવારમાં ભાંગના બે લોટા ગટગટાવીને આવ્યા છે કે શું ? આવા લહેકામાં બોલે છે એય આવો આવો..

હું બોસની આગળ અદબ વાળીને કોઈ આદર્શ આજ્ઞાંકીત વિદ્યાર્થીની જેમ ઉભો. મારૂં મન એ વખતે ભવંડરમાં આવી ગયું હતું..હમણાં આ બોસ ફાઈલ કાઢશે અને મારી ભુલ બતાવશે. એને કર્મચારીઓની ભુલો બતાવ્યા સિવાય કશુંય આવડતું નથી.

હું વિચારોના ગોટામાં આવી ગયા. ગોથા ખાવાની શરૂઆત કરવાના માર્ગ પર આવી ગયા. અમારા બોસ ઓફિસના પુરૂષ કર્મચારીઓને આડે હાથે લેવામાં કશુંય બાકી રાખ્યું ન હતું. બાકી મહીલા કર્મચારીએ તો ગંભીર ભુલ કરી હોય તો એક જ વાકય રહેતું. માણસ ભુલ નહીં કરે તો શું પશુઓ ભુલ કરશે ? ખેર..હું ઉભો હતો અને બોસ આરામદાયક ખુરશીમાં હતા. જાણે હું લોન પાસ કરાવવાની સ્થિતિમાં આવી ગયો હોઉં એમ જ. ત્યાં તો એમણે મને પુછ્યું, આજે મને થયું, ઓફિસમાં એવો જ તમને એક સવાલ ઓફિસમાં જાઉં એવો જ તમને એક સવાલ પુછયો.. ત્યારે મને થયું, હાશ મેં કાંઈ જ ભુલ કરી નથી તેથી હું હસ્યો.. પુછી બેઠો.. બોલો શું પુછવા માંગો છો ?

તમે કોનાથી ડરો છો ? બોસે પુછ્યું.

હું જાણે આકળ વિકળ થઈ ગયો જોરદાર રીતે પણ હું કાચો ખેલાડી ન હતો. ભલે ને ગમે તેવો બોલ હોય, ફટકારવું એ મારો ધર્મ છે.પણ બોસે પુછ્યું અને મને થયું. બોસઅને બાદશાહ અકબર વચ્ચે જાણે કશોય ફેર નથી.. એક સમયે બાદશાહ અકબર નગરીમાં કામ જાય ચુલામાં પણ બિરબલને એવા એવા કામ સોંપ્યા હતા કે.. બિરબલ પણ નોકરી છોડીને જવા ગંભીર વિચારતા હશે.. જો કે બિરબલે રાજીનામું ધરી દેવાનું ઈતિહાસમાં કયાંય ઉલ્લેખથી બાકી અકબરે બિરબલ જેવા બુધ્ધિશાળીને આંધળા શોધી લાવવા કે કાગડા ગણી લાવવા જેવા કચરાયુકત કામો બતાવ્યા હશે ત્યારે બિરબલની વહુએ નોકરી છોડી દેવા કહ્યું હશે જ.. એ સુચન પણ કર્યું હશે કે તમે બુધ્ધિશાળી છો. ગમે ત્યાં બીજી નોકરી મળી જશે.. જો નોકરી ચાલુ રાખશો તો ઉંદરો ગણી લાવવા જેવાંય કામો બતાવશે.. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કેવા ગ્રહો રાજયોગ નાશ કરે છે ?




જન્મકુંડળીમાં રાજયોગ, ધનયોગ, સત્તાયોગ જેવા યોગો બનતા હોય અને તે નેતા, અભિનેતા, જમીનદાર, મીલમાલીક કે પછી ઉચ્ચ અમલદાર બનતા હોય છે પણ જો આ શુભ યોગો એટલે કે રાજયોગ ભંગ થતો હોય તો આવા હોદાઓ મળતા નથી.

કેવા ગ્રહો રાજયોગનો ભંગ કરે છે ?જે જાતકની જન્મકુંડળીમાં મુળ ત્રિકોણમાં હોઈ ગ્રહ હોય કે ઉંચનો સ્વગ્રહી કોઈપણ શુભ સ્થાનમાં રહ્યો હોય પણ સૂર્ય પોતાના ૧૦ અંશનો થઈને તુલામાં નીચનો રહ્યો હોય તો તે રાજયોગનો ભંગ કરે છે.

દ્રષ્ટાંત કુંડળી : અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં સૂર્ય તુલામાં રહ્યો છે જે અન્ય ગ્રહો મુળ ત્રિકોણમાં શુક્ર, શની, ગુરૂ રહ્યા છે તો ગુરૂ પોતાના ઘરનો પણ બુધ ત્રીજા ભાવમાં ઉંચનો થયેલ છે પણ સૂર્યના અંશ દશ છે અને તે નીચનો હોવાથી રાજયોગોનો ભંગ કરી રહ્યો છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# મગજમારીનો ખેલ

**અજબ ગજબની દુનિયા** — **કમલેશ કંસારા**

મગજની કસરત કરવી કોને ના ગમે ? પરંતુ કેટલાક લોકોને આવી કસરત કરવી ઘણી જ ગમે છે અને સમય મળતાં જ તેઓ ખાસ પ્રકારની માથાકુટમાં લાગી જાય છે. અખબારોમાં, સામયિકોમાં, મેગેઝીનોમાં અવાર નવાર પઝલ ઉકેલવાની કોલમો આવતી હોય છે. આવી પઝલો આવા લોકોની પ્રથમ પસંદ હોય છે.પઝલ અનેક પ્રકારની હોય છે. જેમાં તમે વર્ગ પહલી, રયુબિક કયુબથી લઈને સુડોકુ જેવી રમતો જોવા મળે છે. રયુબિક કયુબ સૌ પ્રથમ વાર હંગેરીના એક શીલ્પકારે અને વાસ્તુકલાના પ્રાધ્યાપક એરનો રૂબિકે વર્ષ ૧૯૭૪ માં તૈયાર કર્યું હતું એને મેઝીક કયુબ' કહેવામાં આવે છે પણ રૂબિકના નામ પર તે રયુબિક કયુબ તરીકે ઓળખાવા લાગ્યું હતું. રૂબીક ૧૯૮૦ ના વર્ષમાં એને આઈડીયલ ટોયઝ કંપનીને વેચવાનો માટે લાયસન્સ લીધું હતું.

જાન્યુઆરી ૨૦૦૯ સુધીમાં વિશ્વભરમાં લગભગ ૩૫ કરોડથી પણ વધુ રયુબિક કયુબ વેચાઈ ચુકયા હતા અને તે સર્વાધિક વેચાણ ધરાવનાર પઝલ ગેઈમ બની ચુકયું હતું. એમાં ત્રણ ત્રણના ગુણાંકમાં અનેક રંગોવાળા ખાના હોય છે. એની દરેક છ સપાટીમાં નાના નાના નવ નવ ખાના હોય છે. જેમાં નવ સ્ટીકર લગાડેલા હોય છે. એમાંના છ સ્ટીકર પરંપરાગત રંગ સફેદ, લાલ, પીળો, નારંગી, લીલો અને આસમાની હોય છે. આ ખાનોને ગોળ ગોળ ફેરવીને એક જ રંગના ખાનાની લાઈનમાં લાવવાના હોય છે. જેને મનગમતી રીતથી અજમાવીને ગેઈમ રમવાની હોય છે.

કેટલાક દેશોમાં ૧૩ મી જુલાઈને 'પઝલ ડે' ના રૂપમાં ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાની શરૂઆત કેવી રીત થઈ એના વિશે કોઈ ખાસ જાણકારી પ્રાપ્ત થતી નથી પરંતુ કેટલાક યુરોપીય દેશોમાં આ દિવસનું ખાસ મહત્વ હોય છે. હવે તો આજના સમયમાં પઝલ તો વિશ્વના અનેક દેશોના ખુણે ખુણે પહોંચી ગયેલ છે. અને લોકોને પોતાના દિવાના બનાવ્યા છે. પઝલની વાત હોય કે જીગ્સા પઝલ બંને પઝલ ગેઈમો આબાલવૃદ્ધ સૌને દિવાના બનાવ્યા છે. સૌ પ્રથમ જીગ્સા વર્ષ ૧૭૬૦ માં એક બ્રિટીશ નકશા બનાવનાર જોન સ્પીલ્સબરીએ બનાવ્યું હતું. ભુગોળના વિદ્યાર્થીઓને ભણાવાને માટે એણે દુનિયાનો નકશો બનાવ્યો અને પ્રત્યેક દેશને કાપી કાપીને અલગ કરી દીધો. ત્યાર બાદ એણે વિદ્યાર્થીઓ વ્યવસ્થિત રીતે ગોઠવવાનું કહ્યું. વિદ્યાર્થીઓને આ ગેલમ ખુબ જ પસંદ આવી. ધીરે ધીરે અનેક પ્રકારના પઝલ તૈયાર થવા લાગ્યા. એમાંની એક પઝલ છે વર્ગ પહેલી. વર્ગ પહેલી એ ઉભા અને આડા ખાનાની રમત છે. એમાં કેટલાક ખાનાઓમાં એક એક અક્ષર આપવામાં આવે છે. આ અક્ષરોને યોગ્ય અક્ષરો સાથે જોડીને એક શબ્દ બનાવવાનો હોય છે. વર્ગ પહેલી હિંદી અને અંગ્રેજી ભાષામાં પણ હોય છે. 'સુડોકુ' નો ઈતિહાસ ઘણો જ દિલચશ્પ છે. સ્કુનો અર્થ જાપાનમાં સંખ્યા અને ડોકુનો મતલબ પઝલ બોર્ડ પર સ્થાન હોય છે. જ્યાં પ્રત્યેક નંબર વ્યવસ્થિત ગોઠવવામાં આવે છે. એનું નામ ભલે જાપાની હોય પરંતુ એની શરૂઆત યુરોપ અને અમેરીકામાં થઈ હતી.

૧૯ મી સદીમાં સ્વીસ ગણતજ્ઞ લીયોન હાર્ડ યુલરે 'લાતીન સ્કેવયર્સ' નખી અવધારણા વિકસીત કરી, જ્યાં એક નંબર, એક જ લાઈનમાં માત્ર એક જ વાર આવે છે.પછી તે સીધી હોય કે આડી લાઈન. આ પદ્ધતિને પાછળથી અંકોની રમત સુડોકુમાં ફેરવાઈ ગઈ હતી. જોકે સુડોકુ એ ગણિતની મગજમારી નથી પરંતુ અહીંયા અંકોના કૌશલ્યને જરૂર માનવામાં આવે છે જેમાં એકથી નવના અંકને પ્રત્યેક ખાનામાં ગોઠવવા પડે છે, આ અંકને કોઈપણ ક્રમમાં લગાવી શકાય છે પરંતુ ખાનાની કોઈપણ લાઈનમાં એક જ અંક ફરીથી વપરાતો નથી.

**કમલેશ કંસારા અમદાવાદ**

# દેશની કરન્સીના કટકીખોર બેંકોને સજા કોણ કરશે ?

**દેખ કબીરા** — **હંસામૃત વાલમીયા**

અમદાવાદી અમથાલાલ કેટલાક સમયમાં મોટી મુંઝવણમાં હતા.એક સામાન્ય મામેરા બાબતે બહુ વિચારે ચઢી ગયેલા. અમદાવાદી અમથાલાલે પોતાની હૈયાવરાળ પોળના નાકે ઠાલવી.. અરે ભાઈઓ બહેનો જરા ધ્યાન દઈ સાંભળો.. આ મહીનાથી બેંકના ધક્કે ચઢવાનું મને પોસાય તેમ નથી. દેખ કબીરા.. કાકાની વાત વ્યાજબી અને નસરતભરી છે.

પોળના પ્રથમાબેન રાવલ આગળ આવીને બોલ્યાં, કાકા તમારી વાત હું સમજી ગઈ છું પણ જો આ દેશની કે આખી કરન્સી છે એની સાથે કટકી થાય.. નવી નોટોના ભાવ બોલાય એ બધું ખરેખર તો બ.ંકના વહીવટ કર્તાઓની મીલી ભગતથી આવું બનતું હોય છે.

'હા બેન તમારી વાત સાવ સાચી છે. મારે આ દિકરીના મામેરા માટે બે ચાર નવી નોટોનાં બંડલની લાઈન હતી ત્યાં આ બેંકરો ઠાગા ઠૈયા કરે છે. કાલે આવજો.. કેશ નથી હેડ ઓફિસથી કેશ આવતી નથી. આવાં બહાનાં બનાવી મને ધક્કા ખવડાવે છે..' દેખ કબીરા..

રણવીર રામાનુજ આગળ આવીને બોલ્યા, જુઓ કાકા આ બધા બેંકોનો વહીવટ માત્ર ઓફિસરો કરે છે પણ એ વાયા મીડીયા તેમનાા દલાલો મારફત થાય છે. નવી કરન્સી એક રૂપિયાથી માંડી બે હજારની નોટ સુધીની અલગ અલગ ભાવતાલથી વેચાય છે, વહેંચાય છે અને વગે થાય છે.આ કરન્સીના કટકીખોર બેંકરોને સજા કયારે થશે ? આ એક સામાન્ય નાગરીકના મનનો સવાલ છે. ખુલ્લેઆમ જો આ કરન્સીના ભાવ બોલાય તો ગમે ત્યારે એ કરન્સી તેનું પોત ગુમાવી બેસશે અને ફુગાવાનો મોટો રાક્ષસ આ દેશના અર્થતંત્રને ગમે ત્યારે હાની પહોંચાડી શકે છે એ વાત અસ્થાને નથી દેખ કબીરા..

પોળના નાકે આવેલા નરભેરામ નથવાણીએ વળી બેંકરોના બચાવ અર્થે બોલ્યા, જુઓ ભૈ દરેક બેંકનો હેડ ઓફિસથી ઓછામાં ઓછી દસ લાખ અને વધુમાં વધુ પચાસ લાખ સુધીની કેશ રાખવા આદેશ કરેલો છે એથી બધા ખાતેદારોને સાચવવા એ દુષ્કાર કામ છે. દરેક બેંકમાં ઓછામાં ઓછા દસ હજારથી વધારે ખાતેદારો છે. જેમાં અનેકના ત્યાં આવા પ્રસંગો આવતા હોય છે.

આ વાતને વચ્ચેથી અટકાવતાં પેલાં પ્રથમાબેન બોલી ઉઠયા, 'અરે મિસ્ટર નથવાણી તમે તમારા એ બેંકમાં જોબ કરતા માણસો માટે બોલો છો..તમે આ લોકશાહી ઢબે જીવતા નાગરિકને નુકશાન થાય એમાં કેકશ માથુ મારતા નથી ?'

બહેન તમારી વાત સાચી છે પણ એ બેંકરો કંઈ મારા કઝીન કે માસીના દિકરા નથી.. પણ એમને ખુદ નાણાંમંત્રી પણ કોઈ ખાસ પનીશમેન્ટ કરી શકતા નથી. કારણ એ બધા યુનિયનના ટેકેદારો હોય છે. વળી આવા ટેકેદારો ગમે ત્યારે પ્રજાને પ્રજાના પૈસાથી બાઉન્સ પણ કરી બેસે એવા એ લોકો હોય છે.

કાકા ઉવાચ: પણ બહેન એમના મનસ્વી વર્તનથી બેંકો ચાલે છે. એટલે આ દેશ અનેક બેંક કૌભાંડ થયા કરે છે અને બેંકને ચુનો લગાવનારા પરદેશમાં બેસી જલસા કરતા હોય છે. સામાન્ય પ્રજા બિચારી પૈસા વગર પિસાય છે.. એટીએમ પણ શોભાના ગાંઠીયા જેવાં જોવા મળે છે.. દેખ કબીરા..

કરન્સીના કટકી કરનારા બેંકરોને ખરેખર ખુબ આકરી શારીરિક શિક્ષા થાય અને નોકરીમાંથી બરતરફ કરવામાં આવે ત્યારે આવા સવાલોના ઉકેલ હાથવેંતમાં આવી જાય.. બાકી દેખ કબીરા..

**.ડૉ. બી. પાટણ વાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

### તમે એટલે તમે

**'રખેવાળ' દૈનિકમાં અત્યંત લોકપ્રિય થયેલી સ્વ. શ્રી જગદીશ બીનીવાલેની કોલમ હવે નવેસરથી શરૂ થાય છે. રખેવાળના વાચકો, લેખકો, વિશેષ પુરસ્કાર વિજેતા શિક્ષકો, આચાર્યો, આરોગ્યવર્કરો, અધિકારીઓ તેમજ વિશેષ વિદ્વાનકર્તાઓ તેમના વિશે કંઈપણ પ્રસિદ્ધ કરવા ઈચ્છતા હોય તેવી વ્યક્તિઓએ નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.**

**હંસામૃત વાલમીયા ડૉ.બી.પાટણવાડીયા**
**મો.નં.૯૬૦૧૮૯૭૦૪૧, ૯૯૦૪૯૦૨૯૬૧**

# સલમાન ખાન સાથે એમી જેક્સન કિક-૨માં દેખાશે

બ્રિટીશ બ્યુટિક્વીન એમી જેક્સને સુપરસ્ટાર રજનિકાંત બાદ હવે સલમાન ખાનની સાથે મોટી ફિલ્મ મેળવી લીધી હોવાના હેવાલ મળ્યા છે. જો કે સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ હવે નવી ફિલ્મ કિક-૨ ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. તેની કેરિયરમાં હવે જોરદાર તેજી આવી રહી છે. તે બોલિવુડના સૌથી મોટા અને હાલના સૌથી લોકપ્રિય સ્ટાર સલમાન ખાન સાથે કામ કરનાર છે. સલમાન ખાનની સુપરહિટ ફિલ્મ કિકની સિક્વલ ફિલ્મ બનાવવાની તૈયારી કરી લેવામાં આવી છે. આના પર કામગીરી પણ શરૂ કરવામાં આવી ચુકી છે. હવે કિકની સિક્વલ ફિલ્મમાં જેક્લીનની જગ્યાએ ખુબસુરત સ્ટાર એમી જેક્સનને લેવોનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમી જેક્સનના નામની પસંદગી કરવામાં આવી ચુકી છે. એમી જેક્સન હવે બે મોટી ફિલ્મોમાં કામ કરી રહી છે. પ્રથમ ફિલ્મ રજનિકાંત સાથેની ટુ છે. જેમાં અક્ષય કુમાર પણ વિલન તરીકેની ભૂમિકા અદા કરી રહ્યો છે. બીજી બાજુ તેને લઈને સલમાન ખાનની સાથે કિક-૨ ફિલ્મ મળી છે. બોલિવુડમાં અનેક મોટી અને સ્ટાર અભિનેત્રીઓ હોવા છતાં આ ફિલ્મમાં એમીની પસંદગી કરવામાં આવી છે.

સાજિદ નડિયાદવાલાએ આ અંગેની જાહેરાત હાલમાં સોશિયલ મિડિયા પર કરી હતી. એવા હેવાલ પણ આવી રહ્યા હતા કે જેકલીન જ મુખ્ય રોલ કરનાર છે. કારણ કે છેલ્લી માહિતી મુજબ એમી જેક્સન મુખ્ય રોલ મેળવી ગઈ છે. ટુ ફિલ્મની અભિનેત્રી અગાઉ સોહિલ ખાન અને અરબાજ ખાન સાથે કામ કરી ચુકી છે.

# ગુજરાતના શહેરોને સ્માર્ટ સીટી બનાવવાની જરૂર નથી ગ્રામ્ય વિકાસને મજબુત બનાવવું જરૂરી

**દ્રષ્ટીકોણ** — **ચંદ્રશેખર ત્રિવેદી**

દેશ અને ગામડાના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ પ્રકારની યોજનાઓ પ્રસ્તુત કરવામાં આવી છે. જો ગામડાઓનો વિકાસ થશે તો ઘણા ખરા પ્રશ્નો હલ થઈ શકે તેમ છે અને આ માટે ખાસ કરીને સરકાર અને ગ્રામ્ય જનતાએ પ્રયત્નો કરવા જોઈએ. વિકાસશીલ દેશોની ભારતા તમામ ક્ષેત્રે આગળ આવે તો બેકારીને પડકારી શકાય. ભારતીય અર્થતંત્રના ખરા મુળીયાં શહેરોમાં નહી પરંતુ તેના મુળીયાં હકીકતમાં ગામડાઓમાં છે. ગામડાઓથી જ અર્થતંત્રના પાયાનો વિકાસ શકય બની શકે તેમ છે.

દેશના અર્થતંત્રમાં પરિવર્તન લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નીત નવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમ છતાં સરકાર જે તે યોજના પ્રસ્તુત કરે છે તેનો વિપક્ષો દ્વારા વીરોધ કરવામાં આવી રહ્યો છે. કેમ કે વિપક્ષ પાસે વિરોધ કરવા સિવાય કોઈ હથિયાર છે જ નહીં.

અત્યાર સુધી ભારતના વિકાસની સાચી રણનીતિ અને કાર્યયોજના તથા ગ્રામીણ ક્ષેત્રની કરવામાં આવેલી ઉપેક્ષા ભારતીય અર્થતંત્રની કુદરતી તાસીરની વિરૂદ્ધની બને અવૈજ્ઞાનિક કહી શકાય.જેથી અત્યારની એનડીએ સરકાર અદ્દભૂત સુધારવા માગતી હોય તેવું સ્પષ્ટ જણાય છે અને આ બાબત ખરેખર દિશાસુચક કહી શકાય.

વર્તમાન સંજોગોમાં સરકાર સમક્ષ હાલમાં ઘણી બધી સમસ્યાઓ છે કે તેનો ઝડપથી નિકાલ લાવી શકાતો નથી. ત્યારે કયારેક ઘણી બધી બાબતો જતી કરવી પડતી હોય છે અને ઘણું સહન કરવું પડતું હોય છે. દરેક શહેર પરિવર્તન ઈચ્છે છે ત્યારે ગુજરાતના શહેરોને સ્માર્ટ સીટી બનાવવાની જરૂર નથી. ગ્રામ્ય વિકાસ તરફનું મનોબળ મજબુત બનાવવું જોઈએ.

શહેરીકરણ એ ગુજરાત માટે સૌથી મોટો પડકાર છે આ શહેરીકરણને પગલે સૌરાષ્ટ્રના પશ્ચિમ દરીયાકાંઠાનો અને પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોનો યોગ્ય વિકાસ થયો નથી. તેની પાછળનું કારણ શું ? આમ તો અધિકારીઓની નિષ્કીયતા કારણભુત માની શકાય. આદિવાસી વિસ્તારોનો વિકાસ થશે તો અર્થતંત્રને સુધારી શકાશે પરંતુ આ બાબતે હજી ચર્ચા વિચારણા ચાલી રહી છે. બીજી વાત એ છે કે આદિવાસી યુવાનોને શિક્ષણની તકોથી વંચિત કેમ રાખવામાં આવે છે તેઓને શહેરી વિસ્તારના યુવાનોને પ્રાપ્ત થતી સ્નાતકો શા માટે ઉપલબ્ધ કરાતી નહીં હોય ? સત્તાધિશોની આ જાતિ યોગ્ય તો ન જ કહેવાય. દરેક યુવાનોને સમાન તકો મળવી જોઈએ.

સમાજશાસ્ત્રીઓનું માનવું છે કે, આ પ્રકારનો ઘટનાક્રમ ગુજરાતમાં ભેદભાવભર્યો જણાય છે. શહેરી અને આદિવાસી વિસ્તારોમાં તફાવત જોઈએ તો અમદાવાદ મેડીકલ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય હબ તરીકે પ્રસ્થાપીત થઈ ચુકયું છે. ત્યારે બીજી તરફ દાહોદ સહિત કેટલાક અંતરીયાળ ગામોમાં હજી પણ પાયાની સગવડતાઓ ઉપલબ્ધ નથી તેની પાછળનું કારણ શું ?

અંતરીયાળ ગામોમાં કુપોષણ, બાળમૃત્યુ દર, સ્ત્રી ભૃણ હત્યા, નિરક્ષરતા વિગેરે હોવાથી આ ગામોનો વિકાસ થઈ શકયો નથી. અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણની પુરતી સવલતો હોતી નથી. પ્રાથમિક શિક્ષણથી જ અગવડોની સમસ્યા નજરે પડી રહી છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**અર્થતંત્રમાં પરિવર્તન લાવવા સરકાર દ્વારા માત્ર પ્રયત્નો જ થઈ રહ્યા છે**

# કૂવામાં કૂદકો મારનારી કુ. પુષ્પા

**એનું નામ છે જીવન** — **નટવર હેડાઉ**

૯ એપ્રિલ, ૨૦૦૬ નો એ દિવસ હતો.૧૬ વર્ષની પુષ્પા સાંજે ચાર વાગે તેની બહેનપણીઓ સાથે ઘરની બહાર આંગણામાં રમતી હતી. આ છત્તસીગઢ રાજયના સરગુજા જિલ્લામાં આવેલ નરકાલોં ગામની વાત છે. ઉનાળાની ઋતુમાં બહેનપણીઓ સાથે રમતાં, વાતો કરતાં એ હજુ ઊભી જ હતી ત્યાં અચાનક દરવાજાની બહાર નજીકમાં આવેલ ગામના કૂવામાં ધબાક કંઈક પડવાનો અવાજ આવ્યો, એ સાથે જ એક નાનકડી બાળકીની જોરદાર ચીસ સંભળાઈ. દીદી... દીદી... અભય કૂવામાં પડી ગયો. એ સાંભળીને બધાં બહારની તરફ ભાગ્યાં. તે બધાંની સાથે કૂદકો મારીને સૌથી પહેલાં પહોંચનાર પુષ્પા હતી.

પાણી ભરેલ પહોળા અને ચાલીસ ફૂટ ઊંડા કૂવામાં ચાર વર્ષનો અભય ડૂબકીઓ ખાઈ રહ્યો હતો..એ જોઈને ત્યાં બધાના હાથ પગ થંભી ગયા. પણ તરત કંઈક કરવું પડે તેમ હતું. નહીંતર નાનકડા અભયનો જીવ જોખમમાં હતો. ત્યાં કોઈએ જોરથી ચીસ પાડીઃ 'અરે! કોઈ જલદીથી દોરડું લાવો, બીજા કોઈએ વળી પહોળી ડોલ લાવવા માટે બૂમ પાડી. પાડોશમાં આવેલ ઘર તરફ લોકોએ બધું લેવા ભાગ્યા તો પાછળથી કોઈનો અવાજ સંભળાયો, મોટો ટોપલો લઈ લો. ટોપલામાં બેસાડી તેને બહાર કાઢી લઈશું. જલદી લાવો.

આ તરફ ચીસાચીસ, રાડારાડ અને ભાગંભાગ ચાલતી હતી તો પેલી તરફ અભય કૂવાની અંદર પાણીમાં ડૂબકીઓ ખાતો હતો. જો વહેલામોડા એ બધી ચીજો આવી હોત તો એ વાતની પૂરી સંભાવના હતી કે તે વખતે અભય કદાચ એ ડોલ કે ટોપલામાં પોતાની જાતે બેસવાની સ્થિતિમાં ન હોત.

આ દરમિયાન કૂવાની ચારેબાજૂ જોનારાઓની ભીડ વધી રહી હતી. જે સાંભળે એ કૂવા તરફ દોડીને આવતા હતા અને અભયને જોવા કૂવામાં ડોકિયું કરતા હતા. ડોલ, દોરડું અને ટોપલો લાવનારાનું કંઈ ઠેકાણું ન હતું. તો બીજી તરફ અભયની હાલત વધારે બગડી રહી હતી. પુષ્પાએ એક ક્ષણમાં પોતાનું કર્તવ્ય સુનિશ્ચિત કરી લીધું અને એજ પળે અભયને બચાવવા કૂવામાં કૂદી પડી. નીચે પહોંચતાં જ પુષ્પાએ સૌ પહેલા અભયને પાણીમાંથી ઉપર ઊંચક્યો, કહેવત છે કે ડુબતાંને તરણાનો સહારો પણ બહુ હોય છે' અહીંયા તો એક જીવતી જાગતી બાલિકા તેને બચાવવા સહાયતા કરી રહી હતી. અભય પુષ્પાને વળગી પડયો.

એક તો ચાલીસ ફૂટ ઊંડા કૂવામાં અંધારું તેમાં વળી કૂવામાં જોનારાં લોકોને લીધે અંધકાર વધુ થતો હતો. પહેલા તો એક હતો પણ હવે તો બબ્બે છોકરાઓને કૂવામાં જોનારાંની ભીડનો પાર નહોત. પણ દોરડું, ડોલ અને ટોપલો લાવનારાનાં કોઈ ઠેકાણાં ન હતો. અભયને ઊંચકીને ઊભા રહેવાથી પુષ્પાના પગમાં દુખાવો થવા લાગ્યો હતો. વારંવાર માથા સુધી આવી જતું પાણી જોનારાંના મનમાં ભય પેદા કરી રહ્યું હતું. પરંતુ પુષ્પા લગભગ વીસ - પચ્ચીસ મિનિટ એ જ સ્થિતિમાં રહી. ત્યારે તેના માતા - પિતા અને ગામ લોકોએ વાંસના ટોપલાને દોરડાંથી બાંધીને કૂવામાં ઉતાર્યો. તેના દ્વારા બંનેને કૂવામાંથી બહાર કઢાયાં. ઉપર આવતાં જ સૌએ અભય અને પુષ્પાને સાચવીને બહાર ખેંચી લીધાં અભયનો જીવ બચી જતાં સૌ પુષ્પાનાં વખાણ કરવા લાગ્યા. લોકો કહેતા હતા કે તેમનું પોતાનું બાળક પણ જો આટલા ઊંડા કૂવામાં પડી જાય તો કૂવામાં કૂદી પડવાની હિંમત ન થાય. 'વાહ પુષ્પા તેં તો કમાલ કરી.' ત્યારે પુષ્પા કહેતી હતી કે ' કમાલની તો મને ખબર નથી પણ મને એ વાતની ખુશી જરૂર છે કે મારા આ પ્રયાસથી નાના અભયનો જીવ બચી ગયો.'

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

### થરાદના ...

પાના નં .૧ ચાલુ

જો કે બીજો નહી મળતાં થરાદ નગરપાલિકાના તરવૈયા સુલતાનમીરની મદદ લેવામાં આવી હતી.સુલતાને અડધો કલાકની શોધખોળ બાદ બીજાનો પણ મૃતદેહ બહાર નિકાળ્યો હતો.આ બનાવથી નહેર પર કિશોરોના પરિવારના કરુણ આક્રંદથી ગમગીનીનો માહોલ ફેલાવા પામ્યો હતો.શનિવારની સાંજે નહેરમાં પાણી પીવા જતાં પરમાર રતનભાઈ ચેલાભાઈ ઉં.વ ૯ તથા પરમાર દશરથભાઈ પથુભાઈ ઉં.વ. ૧૦ ના કરૂણ મોતથી પંથકમાં ચકચાર સાથે અરેરાટી મચવા પામી હતી.જોકે આ બનાવ અંગે પોલીસ દફતરે કોઇ નોધ થવા પામી ન હતી.

### લડબી નદીના ...

પાના નં .૧ ચાલુ

ખુલ્લો કરવાની માંગ ઉઠી હોવાનું ખુદ ભાજપ અગ્રણી માધુભાઈ રાણા એ જણાવ્યું હતું.

બનાસ બેન્કની પાછળ આવેલી સોસાયટીમાં બિલ્ડર દ્વારા ગેરકાયદેસર લડબી નદીના પટમાં દિવાલ બની રહી હતી. જેની સામે સ્થાનિકોએ હોબાળો કર્યો હતો. ચોમાસામાં બેટ જેવી પરિસ્થિતિમાં ફેરવાઇ જતી આ સોસાયટીઓના રહીશોએ હોબાળો કરી અને તાત્કાલિક આ કામને અટકાવ્યું હતું. જોકે, સ્થાનિક નગરસેવક અતુલ ચોક્સી ત્યાં દોડી ગયા હતા અને લોકોના રોષને જોઇને તાત્કાલિક નગરપાલિકાના એન્જિનિયરને સૂચના આપતાં આ કામ અટક્યું હતું.

લડબી નદી છે એ વાત પણ નગરપાલિકાના એન્જિનિયર સ્વીકારી ચૂક્યા છે. ત્યારે નવાઈની વાત એ છે કે પાલનપુર શહેરના વિકાસના નકશા માંથી લડબી નદી ગાયબ છે. લડબી નદીના પટમાં ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટ્યો છે. ત્યારે પાલિકાના એન્જિનિયર કે.આર. જોષીની રહેમ નજર હેઠળ જ લડબી નદીમાં અનેક ગેરકાયદેસર બાંધકામો થઈ ગયા હોવાના ગંભીર આક્ષેપો થઇ રહ્યા છે. અત્યારે પરિસ્થિતિ જોઈએ તો લડબી સાવ લુપ્ત થઈ ગઈ છે. ત્યારે ઘટના સ્થળે દોડી આવેલા પાલિકાના એન્જિનિયર કે.આર. જોશી સર્વે કરી અને માપણી કરીને કાર્યવાહી કરવાનું રટણ કરી રહ્યા છે.

એક તરફ રાજ્યમાં જળસંચયના કાર્યક્રમો ચાલી રહ્યા છે. નદી, નાળા, તળાવોને ઊંડા કરીને પાણી બચાવવાની કામગીરી ચાલી રહી છે. નદીઓના વહેણને સીધા કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર થતી લડબી નદીમાં ગેરકાયદેસર બાંધકામો રોકવા અને લડબીના વહેણને પૂર્વવત કરવા રાજ્યના નાયબ મુખ્યપ્રધાન પણ જાહેરાત કરી ચૂક્યા છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર પણ આ દબાણોને હટાવવાની જાહેરાત કરી ચૂક્યા છે. ત્યારે હજુ પણ બેફામ પણે બિલ્ડરો દ્વારા લડબી નદીમાં ગેરકાયદેસર બાંધકામો થઈ રહ્યા છે. હવે નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલના કથનનો અને કલેકટરના આદેશનો અમલ થશે કે કેમ? તેના પર શહેરીજનોની મીટ મંડાઈ છે.

### ધનાલી લૂંટ...

પાના નં .૧ ચાલુ

ગુનાઓ ના ભેદ ઉકેલવા આરોપી ને શુક્રવાર મોડી સાંજે વડગામ કોર્ટ મા રજૂ કરી રીમાંન્ડ ની માગણી કરતા નામદાર કોર્ટે આરોપી નરેશભારથી ના ત્રણ દિવસ ના રિમાન્ડ મંજુર કર્યા હતા વડગામ ના ધનાલી ની લૂંટ પકરણ મા અન્ય આરોપી ઓ સ્થાનિક હોવાનું પણ તપાસ દરમિયાન સામે આવ્યું હોવાનું જાણવા મળે છે.

### થરાદમાં નકલી ખાતર...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તરીકે મે.કિસાન એન્ટરપ્રાઈઝના માલિક જેતસીભાઈ અજેસીભાઇ પટેલ તથા સરસ્વતી સેલ્સ કોર્પોરેશનના અજમલભાઇ નગાભાઇ પટેલ રહે.ભાપડી તા.થરાદ તથા તેમના ભાગીદાર ચૌધરી ભુરાભાઇ મનજીભાઇ રહે.મોટી મહુડી તા.દાંતીવાડા સામે રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમના ખંડ તથા ભારત સરકારના નોટીફિકેશન તથા આવશ્યક ચિજવસ્તુધારો ૧૯૫૫ની કલમ ૮ મુજબ ગુનો દાખલ કરાવ્યો હતો.પોલીસે ૧૯ થેલી ખાતર કિંમત રૂપીયા (૯૯૯પ્રમાણે ) ૧૮૯૮૧ નો મુદ્દામાલ કબજે લઇ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ ઘટનાથી ખાતર વેચતા અન્ય વેપારીઓમાં ભય સાથે ફફડાટની લાગણી ફેલાવા પામી હતી.

### જળ વિના...

અનુસંધાન 3 નુ ચાલુ..

ઘેર ઘેર નળ કનેક્શન આપવાથી પાણીનું સંકટ દૂર થયું છે અને બહેનોને ખુબ મોટી રાહત થઇ છે તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું કે આ સરકાર સંવેદનશીલ સરકાર છે એટલે જ અકસ્માતના કિસ્સામાં તાત્કાલીક સારવાર માટે રાજયની કોઈપણ ખાનગી હોસ્પીટલમાં રૂ. ૫૦ હજારની સહાય આપવાનો નિર્ણય આ સરકારે કર્યો છે. તેમણે રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી તેનો લાભ લેવા તથા જરૂરીયાતમંદ લોકોને લાભ અપાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અગ્રણીઓ જગદીશભાઇ પટેલ, રિકુંભા દરબાર, માધુભાઇ પટેલ, પ્રેમાભાઇ તરક, ડાહ્યાભાઇ, સરપંચઓ, ગામના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ડીસા એરપોર્ટની...

અનુસંધાન 3 નુ ચાલુ..

ભયના માહોલ વચ્ચે મગનલાલ માળીની રજૂઆતના પગલે જિલ્લા કલેકટરની આવી સ્પષ્ટતા ડીસા એરપોર્ટ આજુબાજુ જમીન કે અન્ય મિલકત ધરાવનારાઓ માટે બેશક રાહતરૂપ પુરવાર થાય તેમ છે ત્યારે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ પણ ડીસા આજુબાજુની જમીન એરફોર્સ સ્ટેશન માટે સંપાદિત થવાનો ડર દૂર કરી દેવા સંબંધિત જમીન માલિકો અને મિલ્કતધારકોને અનુરોધ કર્યો છે.

### કોતરવાડા નકળંગ...

અનુસંધાન 3 નુ ચાલુ..

જેને લઈને દિયોદર તાલુકાના કોતરવાડા ગામે નકળંગ ગૌશાળામાં મામલતદાર અને વેટેનરી ડૉકટરની ટીમે મુલાકાત લીધી હતી. જેમાં પ્રથમ ઘાસની ચકાસણી કરવામાં આવી ત્યારબાદ પશુઓનું ચેકઅપ પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પશુઓની ગણતરી કરવામાં આવી હતી. ત્યારબાદ મામલતદારે નકળંગ ગૌશાળાના સંચાલકો અભેસિંહ ઠાકોરની સારામાં સારી કામગીરી છે અને સારો વહીવટ થઈ રહ્યો છે.

### રવિયાણા ગામે...

અનુસંધાન 3 નુ ચાલુ..

અમરાભાઈ સરપંચ, ડે.સરપંચ ઉમેદભાઈ પટેલ, વક્તાભાઈ પટેલ, ભારમલભાઈ કે.પટેલ, ભગવાનભાઈ પટેલ, મહંત કૈશવરામ બાપુ, તથા ગામના યુવાનો વડીલો હાજર રહેલ. ગ્રામજનો દ્વારા ગોવિંદભાઈ ચૌધરી પત્રકાર રતનગઢ અને મહાદેવ પરમાર પત્રકાર રવિયાણાનું પણ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ વધુમાં રવિયાણા ગામને આદર્શ ગામ બનાવવાની મીતલબેન મેડમની લાગણીથી સંસ્થાના હોદ્દેદારો અને ગ્રામજનો દ્વારા વધાવી લેવામાં આવેલ.

### થરાદના સીધોતરા...

અનુસંધાન 3 નુ ચાલુ..

અને એક વેગનઆર ગાડી એ તેમની ગાડીને આડે કરી રોકાવી હતી તેમાંથી મફાભાઈ નાગજીભાઈ રબારી તથા ગીરીશભાઇ રબારી તથા બીજા આઠેક માણસો ઉતર્યા હતા જે પૈકીના એક માણસે દુદાભાઈ ને ગાડીમાંથી બહાર ખેંચતા તેમને માથાના પાછળના ભાગે વાગતા લોહિયાળ ઈજા થવા છતાં પણ બધાએ બળજબરીપૂર્વક ઉપાડી એક્સયુવી ગાડીમાં નાખી પથમેડા બાજુ ગયા હતા.તેમજ ઉપરોક્ત કાર લઈ લીધા બાદ રસ્તામાં ઉતારીને ધોકા તથા પાઇપ અને ગડદાપાટુથી ઢોરમાર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેની પાસે રહેલા એક લાખ લઈ લુંટી લીધા હતા.ત્યાર બાદ દિલીપ ને ફોન કરી દુદાભાઈ સાથે વાત કરાવી આ ગાડીની વેચાણની નોટરી કરેલ તે કાગળો મંગાવતાં તે આવ્યા બાદ દુદાભાઈ ને છોડ્યો હતો.આ બનાવની દુદાભાઈ થરાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવતી આ બનાવથી થરાદ પંથકમાં ભારે ચકચાર મચાવી હતી.

## નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચારમુક્ત શાસન આપ્યું : જેટલી

નવી દિલ્હી

કેન્દ્રિય મંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં મોદી સરકારે ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપ્યું છે અને ભારત આજે વિદેશી મૂડીરોકાણ પર આધારીત પાંચ ઉભરતી અર્થવ્યવસ્થાની યાદીમાંથી નીકળીને વૈશ્વિક મંચ પર આકર્ષક મત ધરાવે છે. જેટલીએ કહ્યું હતું કે કેન્દ્રમાં સત્તારૂઢ એનડીએ સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સોશિયલ મીડિયા વેબસાઈટ ફેસબુક પર પોતાની ટિપ્પણીમાં આ મુજબની વાત કરી છે. જેટલીએ કહ્યું છે કે હવે સરકારનું ધ્યાન હજુ સુધી કરવામાં આવેલી પહેલને મજબૂત કરવા ઉપર કેન્દ્રિત રહેશે. જેટલીએ એમ પણ કહ્યું છે કે આ પહેલા યુપીએ સરકારના ૧૦ વર્ષમાં દેશમાં સ્વતંત્રતા બાદ સૌથી ભ્રષ્ટાચારી સરકાર જોવા મળી હતી. તેમણે કહ્યું છે કે મોદીની નીતિઓના પરિણામ સ્વરૂપે પારદર્શી વ્યવસ્થા સ્થાપિત થઈ છે. આ દેશને ભ્રષ્ટાચાર મુક્ત સરકાર મળી છે. મોદી પોતાની પાર્ટી અને દેશ બંનેના સ્વાભાવિક નેતા તરીકે છે. દેશે અનિર્ણયની સ્થિતિથી સ્પષ્ટતા અને નિર્ણાયક યાત્રા શરૂ કરી છે. વૈશ્વિક આર્થિક મોરચા પર ભારત ઉભરતી કમજોર પાંચ અર્થવ્યવસ્થાની યાદીમાંથી બહાર નીકળી ચુક્યું છે. પોલિસી પેરાલિસીસની સ્થિતિ હવે રહી નથી. કઠોર અને સાહસી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. જેટલીએ કહ્યું છે કે ભારત દુનિયામાં સૌથી ઝડપથી આગળ વધી રહેલા અર્થતંત્ર પૈકી એક છે અને આવનાર અનેક વર્ષો સુધી તેની આ પ્રકારની સ્થિતિ રહેશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે દેશનું મૂડ નિરાશાથી આશા અને અપેક્ષાઓથી ભરાઈ ચુક્યું છે. સારા પ્રશાસનના લીધે લોકો આગળ વધી રહ્યા છે. વધુ સારા રાજકાજ અને સારા અર્થશાસ્ત્રમાં સારી રાજનીતિનું મિશ્રણ થયું છે. લોકોનો વિશ્વાસ ભાજપમાં વધી રહ્યો છે. પાર્ટીનું ભૌગોલિક નેટવર્ક મજબૂત થઈ રહ્યું છે. જીતવા માટેની ક્ષમતા વધી રહી છે. કોંગ્રેસ પાર્ટી સત્તાથી દુર રહીને હતાશ છે.

## નેહા શર્મા બોલિવુડ ફિલ્મને લઈ હજુ આશાવાદી : રિપોર્ટ

વર્ષ ૨૦૧૭માં રજૂ કરવામાં આવેલી ફિલ્મ મુબારકામાં નોંધ લેવામાં આવ્યા બાદ નેહા શર્મા ફરી આશાવાદી બનેલી છે. તેની પાસે હાલમાં કોઈ ફિલ્મ નથી પરંતુ તે સારી અને પારિવારિક ફિલ્મોને લઈને આશાવાદી બનેલી છે. ફિલ્મ મુબારકામાં ખાસ રોલમાં નજરે પડી ચુકેલી નેહા શર્મા બોલિવુડમાં ટકી રહેવા માટે સેક્સ સિમ્બોલ તરીકે રહેવા માંગતી નથી. તે સારી ભૂમિકા કરવા માટે આશાવાદી છે. જો કે તેની પાસે સારી ફિલ્મો આવી રહી નથી. નેહા પાસે હાલમાં કોઈ સારા પ્રોજેક્ટ રહ્યા નથી. તેની પ્રથમ હિન્દી ફિલ્મ ક્રુક ૨૦૧૦માં રજૂ થઈ હતી. જે બોક્સ ઓફિસ પર ફલોપ રહી હતી. ત્યારબાદ તે યમલા પગલા દિવાનામાં નજરે પડી હતી. તે જુદા જુદા બિઝનેસમાં પોતાનુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ક્લોથિંગ લેબલની પણ તે શરૂઆત કરી ચુકી છે. વર્ષ ૨૦૧૦માં તે સૌથી ઝડપી આગેકુચ કરનાર લોકોની યાદીમાં સ્થાન મેળવી ગઈ હતી. ઈમરાન હાશ્મી સાથે ક્રુક ફિલ્મ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકેલી અભિનેત્રી નેહા શર્માએ કહ્યુ છે કે તે ફિલ્મોમાં ટકી રહેવા માટે બોલ્ડ અને સેક્સી સીન કરવા માટે તૈયાર નથી. વર્ષ ૨૦૦૭માં તે તમિળ ફિલ્મમાં સૌથી પહેલા નજરે પડી હતી. ભારતીય ફિલ્મ અભિનેત્રી અને મૂળરીતે બિહારની નિવાસી નેહા શર્મા આડેધડ કોઈ ફિલ્મો કરવા માંગતી નથી. ભાગલપુરમાં માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કર્યા બાદ તે નવી દિલ્હીમાં નિફટમાં ફેશન ડિઝાન કોર્સ મારફતે આગળ વધી છે. તેરી મેરી કહાની ફિલ્મમાં તે મહેમાન કલાકાર તરીકે નજરે પડી હતી. એકતા કપુરની ક્યાં સુપર કુલ હે હમમાં તે નજરે પડી હતી.

### કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

ખેર.. એ અકબર બાદશાહ અને અમારો બોસ.. ઓફિસમાં અનેક કામો પડયા હોવા છતાંય પુછ્યું તમે કોનાથી કરો છો ?

હું બે ઘડી સ્તબ્ધ થઈ ગયો.. જાણે સમાધિમાં ડુબી ગયો. મારો માયલો ઢંઢોળીને પુછવા લાગ્યો કે હું કોનાથી ડરૂં છું ?

કેટલીક ક્ષણો વહી ગઈ. બોસને લાગ્યું હું ઠીકથી જવાબ આપી શકતો નથી. એટલે પોલીસ અધિકારી ગુંડાને વિચારવા મુદત આપે એમ એમણે કહ્યું, જાવ કાલે કહેજો..

ને હુ બહાર આવ્યો.. બહાર ન જાણે અન્ય કર્મચારીઓમાં મારા નામની અફરાતફરી મચી ગઈ હતી. બધા એ સમજી બેઠા હતા કે બોસે મને બરાબરનો ખખડાવી કાઢયો છે.. બોસ મારા પર ગરમ થઈ ગયા છે. નોકરીમાંથી કાઢી મુકવાની પણ ચીમકી આપી છે.

પણ..પણ હું એમને ના સમજાવી શકયો.. ના એમને કશું કહી શકયો કે બોસની શું તાકાત મારી સામે ઉંચા અવાજે બોલવાની અરે ખખડાવા જાય તો હું જ એવા ખખડાવી નાખું કે..

પછી તો સાંજ પડી અને ઘેર આવ્યો જમ્યો અને ટીવી જોવા બેઠો. ટીવી જોયા બાદ ઉંઘવા ગયો પણ ઉંઘ ના આવી. પડખા ઘસવા શરૂ થયા. ત્યારે સામેની દિવાલ પર ગરોળી ચીપકેલી હતી. ઘણાને એમના સુવાના રૂમમાં દીવાલ પર ગરોળીને જીવે છે કે ડરના માર્યા એમની ઉંઘ ઉડી જાય છે.

પણ.. હું બોલી ઉઠયા..

હું ગરોળીથી, વંદાથી, મચ્છરથી, માખીથી, ઉંદરથી મધમાખીથી, ભમરાથી, જરાય ડરતો નથી. ના હું ડર રાખવાનો છું.. પણ હું કુતરાથી, વાંદરાથી, બિલાડાથી, ગધેડા કે ગાયથી પણ ડરતો નથી કે એક મને બચકું ભરે, બીજો લાત મારે, ત્રીજો શીંગડું મારે, એની ય જરાય બીક લાગતી નથી.. ભલે ને અમદાવાદના છાપામાં અવારનવાર કુતરા વિશે છપાતું હોય પણ હું તો ડરૂં છું માત્ર..

અરે ઓફિસમાં બોસથી.. પટાવાળાથી સ્ટાફથી પણ ડરતો નથી..ના ડર્યો છું. તોય બોસ મને પુછી જ લીધું. આવો આવો કરીને પણ બોસથી ડરતો નથી.. હું ઓફિસમાં મોડો જઈ શકું છું.. વહેલો આવી શકું છું અરે ઓફિસમાં ખુદનું કામ કરી શકું.. અરે મેરી મરજી.. હું તબિયતથી કહી શકું છું પણ ડરૂં છું માત્ર...

અરે શહેરના ચાર રસ્તે ઉભેલા ટ્રાફિકના પોલીસોથી, એમના હાથ નીચેના કોન્સ્ટેબલોથી નથી ડરતો.. લાલ લાઈટની કે વનવેની પરવા કર્યા વગર ઘુસી, વાહન દોડાવી શકું છું. લાયસન્સ માંગે તો હેલ્મેટ ફટકારી જયશ્રીકૃષ્ણ કરી શકું છું. કોઈ પુછપરછ કરે તો ધમધમાવી શકું છું.. અમદાવાદીઓને જાણે પોલીસનો ભો નથી.. એમાં હું પણ ખરો...

તો સવાલ થશે.. ડર છે કોનો ? ઈશ્વરનો ? ના.. ના.. બિલકુલ નહીં.. એમના માટે તો એમ જ માનું છું દુર દુર રહેનારા, બેઠેલા ખેર.. ઈશ્વરથી પણ નથી ડરતા.. ધર્મનીતિના સૂત્રોથી તો જયશ્રીકૃષ્ણ કરૂં છું..

તો ડર છે કોનો ?

સિર્ફ ને સિર્ફ પત્નીનો.. જો એ ઉલટ તપાસ કરે તો ઘણા.. ઘણા રાજ બહાર આવી શકે..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## એનું નામ છે જીવન

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

એ ખરું કે જો તેઓ બધા અભયને કાઢવા માટે દોરડું, ડોલ અને ટોપલા લાવવાની રાહ જોતા રહેત તો નાનકડા અભયનો જીવ બચત નહીં.તે માટે ખરેખર પુષ્પાની ત્વરિત નિર્ણયની બુદ્ધિશક્તિ અને સાહસ તથા જોખમ ઉઠાવવાની હિંમતની બધા પ્રશંસા કરી રહ્યા હતા. લોકો કહે છે કે થોડાં વરસ પહેલાં પણ પુષ્પાએ એક ત્રણ વર્ષની બાળકીને કૂવામાંથી કાઢી હતી. હા પણ તે વખતે ચોમાસાનો સમય હતો અને કૂવાનું પાણી ખાસ્સું ઉપર આવી ગયેલું હતું. આટલો બધો ઊંડો નહોતો. આટલા ઊંડા કૂવામાં જોતાં પણ ડર લાગે એવુ છે.

પુષ્પા કહેતી હતી કે ‘ મેં એ વખતે એ છોકરીને બચાવેલી પણ પછી તેને સાપ કરડેલો અને મરી ગઈ. ખબર નહીં ભગવાને તેને મારવી જ હતી તો પછી પહેલાં તેને ડુબતી બચાવવા મને શું કામ મોકલી હશે ?

ગમે તે પણ પુષ્પાને તેના સાહસિક કામે ચારે બાજુ ખૂબ પ્રસિદ્ધ કરી દીધી. તેના આ સત્કાર્યની સુગંધ જ્યારે છત્તીસગઢના સીમાડા વળોટીને દિલ્હી સુધી પહોચી ત્યારે એક દીવસ ભારતીય બાલ કલ્યાણ પરિષદ તરફથી તેને બોલાવવામાં આવી. અને દેશની રાજધાની દિલ્હીમાં સ્વયં પ્રધાનમંત્રી દ્વારા રાષ્ટ્રીય વીરતા પુરસ્કારથી તેને સન્માનીત કરવામાં આવી. ગણતંત્ર દીવસે અન્ય સાહસિક બાળકોની ટોળીમાં સામેલ પુષ્પા હાથી પર ઝૂમતાં રાજપથની પરેડમાં પસાર થઈ તો આખા દેશે તેને તાળીઓના ગડગડાડથી વધાવી તેની બહાદુરી અને હિમ્મતને સલામ કરી.

**નટવર હેડાઉ**

## દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

આ દિશામાં જાગરૂકતા પણ કેળવાતી નથી. તેમજ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં મેલેરીયા, ટીબી સહિતના પાણીજન્ય રોગોનું પ્રમાણ મહત્તમ જોવા મળે છે.

અંતરીયાળ ગામોના વિકાસ માટે સરકારે તત્પર રહેવું જોઈએ. વર્તમાન સંજોગોમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર અને ગાંધીનગર જેવી મહાનગરપાલિકાઓના વિસ્તારોમાં વિકાસ વાઈબ્રન્ટ દેખાય છે પરંતુ આદિવાસી વિસ્તારમાં આનાથી ઉલટી ગંગવા વહી રહી હોય એવું જણાય છે. વર્તમાન સંજોગોમાં જોવા જઈએ તો ગુજરાતની સ્થાપનાને ૫૮ વર્ષના વહાણાં વીતી ગયા તેમ છતાં જે વિકાસ થવો જોઈએ તે થઈ શકયો નથી. રાજયના કેટલા આદિવાસી વિસ્તારો વિકાસથી વંચિત છે ? આ બાબતની રાજય સરકારે સમીક્ષા કરી છે કે નહીં ? અને જો નક્કી હોય તો તેની પાછળનું કારણ શું ?

હાલમાં ઔદ્યોગિક દ્રષ્ટીએ જોઈએ તો ગુજરાત અગ્રેસર છે પણ આ બધું જ અમુક વિસ્તારોમાં નજરે પડે છે. આદિવાસી વિસ્તારોમાં કેટલા ઉદ્યોગો છે તે બાબતે શા માટે સમીક્ષા થતી નહીં હોય ?

અમદાવાદ જેવા મહાનગરમાં ટ્રાફિકની સમસ્યા કેન્સર સમાન બની રહી છે. કારણ કે ગગનચુંબી ઈમારતો બનાવવાની છુટ મળી જાય છે પરંતુ પાર્કીંગ, ગટર, રસ્તા, પાણી, રમતગમતના મેદાનની સુવિધાઓ ઘટતીજાય છે. રાજયમાં શહેરીકરણના પગલે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના અને મુખે પટ્ટીના આદિવાસી વિસ્તારો વિકાસથી વંચિત રહી જવા પામ્યા છે. .

## એશ્વર્યા રાય ૬૦ના દશકની ફિલ્મની રીમેકમાં હવે રહેશે

બોલિવુડની બ્યુટીક્વીન અને વિશ્વભરમાં પોતાની ખુબસુરતીના કારણે જાણીતી રહેલી અભિનેત્રી એશ્વર્યા રાય બચ્ચન લાંબા સમય બાદ ફન્ને ખાન નામની ફિલ્મમાં ટુંક સમયમાં જ નજરે પડનાર છે. આ ફિલ્મ બાદ તે વિતેલા વર્ષોની બે સુપરહિટ ફિલ્મની રીમેકમાં નજરે પડનાર છે. ફન્ને ખાનમાં તેની સાથે રાજકુમાર રાવ અને અનિલ કપુર કામ કરી રહ્યા છે. એશ અને અનિલ કપુર આશરે ૧૫ વર્ષ પછી એક સાથે નજરે પડનાર છે. એશે હવે પોતાના ભાવિ પ્રોજેક્ટ અંગે પણ માહિતી આપી છે. અહેવાલ મળ્યા છે કે એશ વર્ષ ૧૯૬૭માં રજૂ કરવામાં આવેલી ફિલ્મ રાત ઔર દિન તેમજ ૧૯૬૪માં રજૂ કરવામાં આવેલી ફિલ્મ વૌ કૌન થીની રીમેકમાં નજરે પડનાર છે. આ ફિલ્મનુ નિર્માણ પ્રેરણા અરોડા ખાનના પ્રોડક્શન હાઉસ ફ્રાજ પ્રોડક્શન કરનાર છે. મીડિયા રીપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આ પ્રોડક્શન હાઉસ તરફથી એશને વધુ એક ફિલ્મની ઓફર પણ મળી છે. જેનુ નામ જેસ્મીન છે. એક મુલાકાતમાં એશે કહ્યુ છે કે આ તમામ પ્રોજેક્ટ માટે તેનો માત્ર સંપર્ક કરવામાં આવ્યો છ. જો કે આ પ્રોજેક્ટને લઈને કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. તેનુ કહેવુ છે કે તેને જેસ્મીનની પટકથા સંભળાવી દેવામાં આવી છે. ફિલ્મની કેટલીક પટકથાને બદલી નાંખવા માટે તેને કહ્યુ છે. આ પટકથામાં ફેરફાર કઈ રીતે થાય છે તેના પર તમામ બાબતો આધારિત છે.

વૌન કૌન થી અને રાત ઔર દિનની રીમેક બનાવવાનો નિર્ણય સારો છે. તે તેમની સાથે બેસીને વાત કરશે. તેમની સાથે બેસીને ચર્ચા કરવામાં આવશે કે કઈ રીતે આ ફિલ્મ આગળ વધે છે. ત્યારબાદ આ અંગે કોઈ નિર્ણય કરવામાં આવનાર છે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૧૫૦૦-૩૨૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૨૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૨૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૦૦-૨૨૦
**ભીંડા ૨૦૦-૩૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૯૦૦-૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૨૪૦-૫૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ..........................................

## સરકારી પોલીટેકનીક હિંમતનગર ખાતે ૨૯મી મેના રોજ એપ્રેન્ટીસ ભરતી મેળો

હિંમતનગર

હિંમતનગરની સરકારી પોલીટેકનીક ખાતે તા.૨૯ મી મેના રોજ મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટીસશીપ યોજના હેઠળ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિવિધ ૧૦૦ થી પણ વધુ ટેકનીકલ તેમજ નોન ટેકનીકલ ક્ષેત્રોના અંદાજે ૫૦૦ જેટલા નોકરીદાતાઓ ઉપસ્થિત રહેવાના છે. આ ભરતી મેળામાં ભાગ લેવા માટે કોઇ પણ સરકારમાન્ય અભ્યાસક્રમના વર્ષ ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭ માં ઉત્તિર્ણ થયેલા વિધાર્થીઓ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ પોર્ટલ પર નિઃશુલ્ક રજીસ્ટ્રેશન માટે સરકારી પોલીટેકનીક હિંમતનગર ખાતે હેલ્પ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે.

## સાબરકાંઠા જિલ્લાના ઉમેદવારો માટે તા.૨૯ મેના રોજ લશ્કરી ભરતી મેળો યોજાશે

સાબરકાંઠા

આર્મી રીક્રુટીંગ ઓફીસ અમદાવાદ દ્વારા તા.૨૦/૫/૨૦૧૮ થી તા.૩૧/૫/૨૦૧૮ દરમ્યાન એસ.આર.પી. ગ્રૃપ-૫ મેદાન, ગોધરા , જિ.પંચમહાલ ખાતે લશ્કરી ભરતી મેળો યોજાનાર છે. જેમાં સાબરકાંઠા જિલ્લા માટે તા.૨૯-૫-૨૦૧૮ રોજ સાબરકાંઠા જિલ્લાના જે ઉમેદવારોએ ઈન્ડીયન આર્મીમાં જોડાવા માટે ઓનલાઈન અરજી કરેલ હોય તેવા ઉમેદવારોએ ઈન્ડીયન આર્મીની વેબ સાઈટ પરથી એડમીટ કાર્ડ મેળવી લેવાના રહેશે. તેમજ ભરતી મેળાના દિવસે જરૂરી ડોકયુમેન્ટસ સાથે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ છે. જે ઉમેદવારોને એડમીટ કાર્ડ મેળવવામાં મુશ્કેલી જણાય તો તેઓએ એ.આર.ઓ. ઓફીસ, અમદાવાદના સંપર્ક નંબર ૦૭૯-૨૨૮૬૮૦૮૨ તેમજ ૯૯૯૮૫૫૩૯૨૪ પર સંપર્ક કરવા રોજગાર અધિકારી, હિંમતનગરની યાદીમાં જણાવાયું છે.

## વાંસા પાસે ચોરીના બાઈક સાથે એક ઝડપાયો

હારિજ

હારીજના વાંસા ગામ પાસેથી પોલીસે વોચ ગોઠવી ચોરીના બાઈક સાથે એકની ધરપકડ કરી હતી. હારીજ પોલીસ મથકના પી.એસ.આઈ. વી.વી.ત્રિવેદી સહિતનો સ્ટાફ પેટ્રોલીંગ પર હતો ત્યારે બાતમી મળેલ કે અમદાવાદના ઘાટલોડીયામાંથી ચોરી થયેલ બાઈક સાથેનો આરોપી વાંસા થઈને પસાર થવાનો છે તે આધારે પોલીસ વોચ ગોઠવી હતી.

દરમ્યાન ચોરીના બાઈક સાથે યુવા આવતા તેને રોકી પોલીસે પૂછપરછ કરતાં કરતાં તે યોગ્ય ઉત્તર આપી ન શકતાં પોલીસે પ્રવિણજી કેશાજી ઠાકોરની બાઈક સાથે તેની અટકાયત કરી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **પીલૂડા** | | જીરૂ | ૨૭૩૧-૨૭૫૦ |
| જીરું = ૨૬૩૫ થી ૩૦૦૧ | | **થરા** | |
| રાયડો= ૭૧૫ થી ૭૩૧ | | જીરૂ | ૨૬૦૫-૩૨૪૦ |
| એરંડા = ૭૬૦ થી ૭૭૬ | | એરંડા | ૭૬૦-૭૭૪ |
| ઈસબગુલ= ૧૩૦૦ થી ૧૪૭૨ | | રાયડો | ૭૦૦-૭૨૨ |
| અજમો = ૧૧૧૭ થી ૧૭૫૧ | | ઘઉં | ૩૨૦-૪૦૦ |
| ચીકુડી = ૧૧૫૧થી ૧૨૬૫ | | બાજરી | ૨૩૫-૨૬૦ |
| ગવાર =૭૨૬ થી ૭૨૬ | | વરી. | ૧૩૦૦-૨૦૧૯ |
| સુવા = ૮૫૫ થઈ ૮૮૬ | | જુવાર | ૫૬૦-૭૪૦ |
| ચણા= ૬૧૦ થી ૬૧૦ | | ગવાર | ૬૯૦-૭૦૦ |
| રજકો = ૨૧૦૦ થી ૨૫૫૦ | | **સિધ્ધપુર** | |
| **ડીસા** | | જીરૂ | ૨૬૭૦-૨૮૦૦ |
| ઘઉં | ૩૩૦-૩૭૭ | ઈસ. | ૧૦૮૧ |
| બાજરી | ૨૩૦-૨૭૦ | રાયડો | ૬૬૭-૭૭૭ |
| રાજગરો | ૧૦૮૦-૧૧૫૯ | એરંડા | ૭૩૫-૭૭૨ |
| વરી. | ૧૧૫૦ | ઘઉં | ૩૨૪-૪૪૫ |
| તમાકુ | ૧૧૦૦-૧૨૦૦ | મેથી | ૪૮૮ |
| રાજગરો | ૧૧૮૦-૧૨૭૩ | ગવાર | ૭૦૬-૭૧૪ |
| સુવા | ૭૯૧ | જુવાર | ૫૫૦-૭૮૭ |
| તલ | ૧૦૧૧-૧૧૨૫ | બાજરી | ૨૦૦-૨૫૬ |
| એરંડા | ૭૬૨-૭૭૨ | જવ | ૩૧૨ |
| રાયડો | ૭૧૦-૭૨૩ | સવા | ૮૪૦-૮૫૬ |
| **પાંથાવાડા** | | **પાટણ** | |
| ઘઉં | ૨૬૫-૨૮૧ | જીરૂ | ૨૪૦૦-૨૯૧૬ |
| બાજરી | ૨૩૦- ૨૪૦ | વરીયાળી | ૧૨૦૦-૧૫૮૬ |
| રાજગરો | ૧૦૫૧-૧૧૩૫ | મેથી | ૪૦૦-૬૩૫ |
| ઈ.ગુલ | ૧૧૪૭-૧૧૮૦ | સુવા | ૭૪૧-૯૮૧ |
| જીરુ | ૨૫૦૧-૨૭૫૧ | રાયડો | ૬૫૦-૭૬૯ |
| વરીયાળી | ૧૦૫૧ | એરંડા | ૭૫૦-૭૭૪ |
| એરંડા | ૭૫૫- ૭૬૫ | ઈસ. | ૧૧૬૦-૧૨૬૦ |
| રાયડો | ૭૧૨- ૭૩૦ | અજમો | ૪૦૦-૧૨૦૦ |
| **ધાનેરા** | | ઘઉં | ૩૨૫-૩૮૦ |
| ઘઉં | ૩૧૧-૩૬૨ | બાજરી | ૨૧૧-૨૫૯ |
| બાજરી | ૨૩૨-૨૬૬ | રજકો | ૧૮૦૦-૨૭૦૨ |
| જવ | ૨૯૦-૩૦૦ | ચીકુડી | ૯૦૦-૧૩૧૭ |
| ગવાર | ૭૦૬-૭૨૮ | ગવાર | ૭૦૧-૭૧૬ |
| રાયડો | ૬૭૦-૭૨૬ | **થરાદ** | |
| એરંડા | ૭૫૫-૭૭૦ | રાયડો | ૭૨૦-૭૫૦ |
| સુવા | ૮૦૦-૯૨૦ | એરંડા | ૭૫૦-૭૬૭ |
| વરી. | ૧૦૨૬-૧૨૯૧ | જીરુ | ૨૨૫૦-૩૦૦૦ |
| ઈસ. | ૧૧૦૦-૧૪૦૦ | વરીયાળી | ૧૧૪૫-૧૪૦૦ |
| તલ | ૧૩૨૮-૧૩૮૧ | ચિકુડી | ૮૦૦-૧૩૨૫ |
| રજકો | ૧૯૫૬-૨૫૭૦ | ઈસબગુલ | ૧૩૫૦-૧૭૦૦ |
| જીરૂ | ૨૫૬૨-૨૮૬૬ | અજમો | ૧૦૦૦-૨૦૦૦ |
| મેથી | ૮૦૦-૯૨૦ | મેથી | ૪૫૧-૯૦૫ |
| રાજગરો | ૯૭૦-૧૦૮૫ | સોવા | ૭૨૧-૯૦૦ |
| અન્ય | ૧૧૧૫-૧૨૮૬ | બાજરી | ૨૫૧-૨૬૭ |
| ૨.બાજરી | ૩૭૦-૪૧૧ | **રાહ** | |
| **ભીલડી** | | રાયડો | ૭૧૫-૭૪૫ |
| એરંડા | ૬૫૦-૭૬૪ | સોવા | ૮૨૦-૮૭૦ |
| રાયડો | ૬૮૫-૭૦૫ | એરંડા | ૭૬૦-૭૭૧ |
| રાજગરો | ૧૦૯૬-૧૧૨૯ | ચિકુડી | ૧૧૦૦-૧૨૮૦ |
| બાજરી | ૨૩૫-૨૪૯ | બાજરી | ૨૪૦-૨૬૦ |
| ઘઉં | ૩૦૦-૩૦૫ | | |

## સિધ્ધપુર તાલુકાના પચકવાડા ગામે તળાવ ઉંડું કરવાનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો



પાટણ

રાજ્ય સરકાર દ્વારા સુજલામ સુફલામ યોજના અંતર્ગત ગામેગામ તળાવો ઉંડા કરવા, ચેકડેમો અને આડબંધ બનાવવાની કામગીરીના જળ સંચયના કામો પુરજોશમાં ચાલુ કરવામાં આવ્યા છે ત્યારે રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર તેમજગુજરાત રાજ્યની જીઆઈડીસીના ચેરમેનશ્રી બળવંતસિંહ રાજપૂત અને આઈઓસીના અધિકારીશ્રી એસ નંદકિશોરની ઉપસ્થિતિમાં સિધ્ધપુર તાલુકાના પચકવાડા ગામે તળાવ ઉંડું કરવાનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો.

સિદ્ધપુર ખાતે સંચાલિત આઈઓસી કંપનીની૧૦૦ ટકા સહાયથી રૂપિયા સાત લાખના ખર્ચે પચકવાડા ખાતે તળાવ ઉંડુ કરવાનું કામ હાથ ધરવામાં આવેલ છે.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં દિવસે દિવસે પાણીના સ્તર નીચે જઈ રહ્યા છે ત્યારે હવે જળ મંદિરો બનાવવાનો સમય આવી રહ્યો છે. સૌ સાથે મળી જળ મંદિરો બનાવીને યુવા પેઢીને વારસામાં જળસ્ત્રોત આપીએ. વિકાસની કેડી તરફ આગળ વધીએ. નર્મદાના પાણી વગર પાણીની સમસ્યા ઉભી ન થાય તે પ્રકારના પાણીના જળ તળાવો બનાવી પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા રાજ્ય સરકાર કામ કરી રહી છે. આપણે સૌ સાથે મળી ગુજરાતના જન્મદિવસની ઉજવણી રૂપે તળાવો ઊંડા કરીએ, ખેતરપાળા, ખેત તલાવડી બનાવીને જળ અભિયાનમાં સહભાગી બનીએ.

આ પ્રસંગે રાજ્ય સરકારના જીઆઈડીસીના ચેરમેનશ્રી બળવંતસિંહ રાજપૂતે પચકવાડા ગામ તળાવને ઉંડું કરવા માટે ૧૦૦ ટકા સહાય આપવા બદલ આઈઓસી કંપનીને બિરદાવી હતી. ભવિષ્યમાં પાણીની સમસ્યાઓ ઊભી ન થાય તે માટે અગમચેતી વાપરી તળાવો ઊંડા કરી પાણીનો પુરેપુરો સંગ્રહ કરી ગામને નંદનવનબનાવવા ગ્રામજનોને જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંગઠ્ઠનના નંદાજી ઠાકોર, મનીષભાઈ શેઠ, શંભુભાઈ દેસાઈ,પ્રાંત અધિકારીશ્રી જશવંત જેગોડા, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચાણસ્મા-મોઢેરા રોડ પર ફાર્મ નજીક લોકો પાણીના પાઉચ-બોટલો અર્પણ કરી પૂર્ણ કરતા માનતા



ચાણસ્મા

હિન્દુ ધર્મમાં બાધા-માનતા પૂર્ણ થાય તો શ્રીફળ,ચુંદડી કે ધજા ચડાવવામાં આવતી હોય છે. પરંતુ ચાણસ્મા-મોઢેરા હાઈવે પર આવેલા ગોગજી ફાર્મહાઉસની જગ્યા શ્રદ્ધાળુઓ પાણીના પાઉચ અને પાણીની બોટલો મૂકી મનોકામના પૂર્ણ થયા બાદ શ્રદ્ધા વ્યક્ત કરી રહ્યા છે. જેને લઈ ગતરોજ અહીં મોટી સંખ્યામાં પાણીના પાઉચ અને પાણીની બોટલોનો જંથ્થો જોવા મળે છે.

ચાણસ્મા -મોઢેરા રોડ પર વડાવલી ગામ નજીક આવેલા ગોગજી ફાર્મ પાસે લીમડાના ઝાડ નીચે પાણીના પાઉચ અને બોટલોનો જથ્થો જોઈ જિજ્ઞાશાવશ શ્રધ્ધળુઓ પગપાળા જતા હોય કે વાહનમાં જતા હોય, અચૂક ઉભા રહી જાય છે અને અનેક લોકો પોતાની મનોકામના પૂર્ણ થતાં પાણીના પાઉચ અને બોટલ અર્પણ પણ કરે છે. આ અંગે ગોગજી ફાર્મહાઉસના ચોકીયાત અને કટોસણ-રામપુરા ગામના વતની મેતુભા બચુભા સોલંકીએ જણાવ્યું કે, આજથી ત્રણેક વર્ષ પહેલાં ગુંજાળા ગામની જાનના જાનૈયા રિક્ષા લઈને સુણસર-રામપુરા ગામે જઈ રહ્યા હતા. ત્યારે ચાણસ્મા તરફથી આવી રહેલી મોટીકાર અથડાતાં રિક્ષામાં સવાર ૬ જાનૈયાઓનાં ઘટના સ્થળે મોત થયા હતા. જેમાં બે નાનાં બાળકો હતા. આ બાળકો પાણી..પાણી.. કરતાં હતાં. પરંતુ પાણી આવે તે પહેલાં બંને બાળકોના પ્રાણ નીકળી ગયા હતા.

અંત સમયે પાણી માંગતા આ બંને બાળકોને પાણી અર્પણ કરવાની લોકો માનતા રાખે છે અને મનોકામના પૂર્ણ થતાં શ્રદ્ધાળુઓ

પાણી ભરેલી બોટલો અને પાઉચ અર્પણ બાધા માનતા પૂર્ણ કર્યાનો સંતોષ અનુભવે છે.

## ચાણસ્મા તાલુકા પંચાયતમાં પ્રમુખની ચૂંટણી માટેનો ધમધમાટ શરૂ

ચાણસ્મા

બહુચર્ચિત કોંગ્રેસ શાસિત ચાણસ્મા તાલુકા પંચાયત વર્તમાન મહિલા પ્રમુખની મુદત આગામી ૨૨મી જૂનના રોજ પૂર્ણ થઈ રહી છે. નવીન પ્રમુખ માટે રોટેશન મુજબ પુરૂષ સામાન્ય સીટ નક્કી થઈ છે.હાલમાં પ્રમુખના દાવેદાર માટે પાંચ પુરૂષ અને બે મહિલા સહિત કુલ સાત દાવેદારો પોતાની પ્રબળ દાવેદારી રજૂ કરી રહ્યા છે, ત્યારે તા.પં. પ્રમુખની વરણી બિનહરીફ થાય તેવા કોઈ એંધાણ વર્તાતા નથી.ચાણસ્મા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષના ૧૫, બે અપક્ષ અને એક ભાજપ મળી કુલ ૧૮ સદસ્યો ચૂંટાયેલા છે. અઢી વર્ષના સમયગાળા દરમિયાન વર્તમાન મહિલા પ્રમુખ કોકીલાબેન પટેલને ખુદ કોંગ્રેસ પક્ષના બળવાખોરોને આસાનીથી કામ કરવા દીધું નથી અને તેમના વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત સત્તાધારી પક્ષના સભ્યોએ જ રજૂ કરી હતી, જો કે તેમાં કોઈ સફળતા મળી ન હતી.

હવે ટૂંક સમયમાં ચાણસ્મા તા.પં.પ્રમુખ અધ્યક્ષની વરણી માટે ગણતરીના દિવસો બાકી ત્યારે પ્રમુખપદ મેળવવાની હોડમાં ખુદ શાસક પક્ષના જ ચૂંટાયેલી પાંખના ડેલીગેટો આમને સામને આવી ગયા છે અને પ્રમુખપદ મેળવવા લોબિંગ શરૂ થઈ ગયું છે. તાલુકા-જિલ્લા કોંગ્રેસનું સંગઠન તેમજ તા.પં.ના વર્તમાન સભ્યોને ખટરાગ આગામી ભવિષ્યમાં વિસ્ફોટ થઈને બહાર આવશે તેમ રાજકીય વિશ્લેષકોનું માનવું છે. જેના પરિણામે પ્રમુખપદની વરણી બિનહરીફ થાય તેવા કોઈ ચિન્હ જણાતાં નથી. કેટલાક સદસ્યોએ તો ભાજપ સાથે સમાધાન કરીને પણ ખુરશી મેળવવા પ્રયાસો શરૂ કર્યા હોવાનું જાણવા મળે છે. પ્રમુખપદની દાવેદારીમાં ૨ મહિલા, એક અપક્ષ સહિત અન્ય ૪ સદસ્યોએ પ્રબળ દાવેદારી નોંધાવી છે. જેમાં ધીરૂભા ચાવડા, બાબુલાલ પટેલ, (અપક્ષ) ઈબ્રાહીમ સોલંકી, આશાબેન પટેલ, કૈલાસભાઈ પટેલ, ગેમરભાઈ દેસાઈ અને નીતાબેન સોલંકીનો સમાવેશ થાય છે.



**રાજયના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે સાંતલપુર તાલુકાના અબિયાણા ગામથી બે કિલોમીટરના અંતરે મનરેગા યોજના હેઠળ તળાવો ઊંડા કરવાના જળસંચયના કામોને જાતે ટ્રેકટર ચાલક બની શ્રમિકોની મુલાકાત લીધી હતી. જેની સાથે ભરતભાઇ રાજગોર, શંભુદાન ગઢવી, જીવણભાઇ આહિર, અરજણભાઇ આહિર, જગતાભાઇ ચૌધરીજોડાયા હતા.**

## ચાણસ્મા તાલુકાના પંચાસરા ગામે સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમ યોજાયો



પાટણ

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર, પાટણ કચેરી દ્વારા પાટણ જિલ્લાના યુવક અને મહિલા મંડળના સહયોગથી સ્વચ્છ ભારત સમર ઈન્ટરશિપ કાર્યક્રમ ચાણસ્મા તાલુકાના પંચાસરા ગામે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુવા કેન્દ્ર સંગઠનના મુખ્ય નિયામકશ્રી અનિલકુમાર કૌશિકે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત ઈન્ટરશિપ કાર્યક્રમ ઉનાળુ સત્ર તારીખ ૦૪/૦૫/૨૦૧૮ થી તા. ૦૧/૦૭/૨૦૧૮ દરમિયાન શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ મંડળો અને લોકો ઓનલાઇન જોડાય અને ૧૦૦ કલાકનું સ્વચ્છતા અભિયાનનું યોગદાન કરી દેશ તથા પોતાના વિસ્તારને સ્વચ્છ રાખવામાં મદદરૂપ બને. કાર્યક્રમ દરમિયાન હાજર રહેલ યુવક-યુવતીઓને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. સંસ્થાના નિયામક અનિલકુમાર કૌશિક, નેહરુ યુવા સંગઠન, ગાંધીનગરના શ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ કિરણભાઈ જાની, જિલ્લા ભાજપ યુવા મોરચાના ઉપ-પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, તાલુકા પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી કે.એચ.ત્રિવેદી, જિલ્લા યુવા સંયોજક કેન્દ્રના કિશનભાઇ પટેલ, પંચાસર ગામના સરપંચ મુકેશભાઈ પટેલ, ઉપસરપંચ ડાહયા ભાઈ પટેલ,સ્વસહાય જુથની બહેનો તથા ગ્રામજનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

## સિધ્ધપુર તાલુકાના ગામોમાં જળસંચય કામોનું નિરીક્ષણ કરતાં મંત્રી દિલીપકુમાર ઠાકોર



પાટણ

સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત પાટણ જિલ્લાના દરેક ગામોમાં જળ સંચયના કામોને વેગવંતા બનાવ્યા છે. સિધ્ધપુર તાલુકાના ખોલવાડા અને ચાંદરસર ગામમાં ચાલતા જળસંચયના કામોને પ્રોત્સાહિત કરવા માટે રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર અને જીઆઈડીસીના ચેરમેન શ્રી બળવંતસિંહ રાજપૂતે તળાવોનું નિરીક્ષણ હાથ ધર્યુ હતું. આ પ્રસંગે મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા તળાવ ઉંડા કરવા, ચેકડેમ બનાવવા, આડબંધો, ખેત તલાવડી, હોલી યોજેવા જળસંચયના કામો પાટણ જિલ્લામાં હાથ ધરવામાં આવ્યા છે. જળસંચય માટે જનશક્તિનો પુરુષાર્થ યજ્ઞમાં ગ્રામજનોને પોતાનું શ્રમદાન કરી સહભાગી બનવા જણાવ્યું હતું. વરસાદના પાણીનું મુલ્ય સમજી ટીપે ટીપા પાણીનો ગામના તળાવમાં સંગ્રહ કરી તેનો પશુઓ અને ખેતી માટે કર કસર પૂર્વક ઉપયોગ કરી વધુ ઉપજ મેળવી રાજ્યના વિકાસમાં સહભાગી બનીએ.આવો આપણે સૌ સાથે મળી રાજ્ય સરકારની સુજલામ-સુફલામ જળ અભિયા નને સાકાર કરીએ અને પાણીનો કરકસર પૂર્વક ઉપયોગ કરી પાણીનો બચાવ કરીએ.

મંત્રીએ મનરેગા યોજના હેઠળ તળાવો ઉંડા કરવાની કામગીરીનું નિરીક્ષણ કરી શ્રમિકોની મુલાકાત લઇ કામ કરવામાં પડતી મુશ્કેલીઓની માહિતી મેળવી હતી. મંત્રીએ શ્રમિકોને છાસનું જલપાન કરાવ્યું હતું.

આ સાથે સંગઠ્ઠનના કાર્યકરો, પ્રાંત અધિકારી જસવંત જેગોડા, તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બહુચરાજી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠનને મજબૂત કરવાની હાકલ



ચાણસ્મા

બહુચરાજી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવવા ગામેગામ જનમિત્રની બટાલિયન ઉભી કરવામાં આવનાર છે, જેના ભાગરૂપે અહીંની ઉમિયાવાડીમાં જનમિત્ર કાર્યકર સંમેલન યોજાયું હતું. જેમાં કાર્યકરોને વર્તમાન ભાજપની કેન્દ્ર અને રાજયની સરકારની નિષ્ફતાઓનો પ્રજા સુધી લઈ જવા અને સંગઠનની તાકાત ઉભી કરવા હાકલ કરવામાં આવી હતી.

બહુચરાજી વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ બહુચરાજી, જોટાણા અને મહેસાણા તાલુકાના ૫૫ ગામોના કોંગ્રેસના કાર્યકરોનું જનમિત્ર સંમેલન ધારાસભ્ય ભરતજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. જેમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ રણજીતસિંહ ઠાકોર, પક્ષના જિલ્લા પ્રમુખ કિર્તિસિંહ ઝાલા, તાલુકા પ્રમુખ વાઘુભા જાડેજા, તા.પં.ના પૂર્વ પ્રમુખ રાજેન્દ્રસિંહ દરબાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ૨૦૧૯ માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પક્ષ મજબૂતાઈથી ઉભરી આવે તે માટે અત્યારથી જ સંગઠનની કડી મજબૂત બનાવવા માર્ગદર્શન અપાયું હતું. આગેવાનોએ ભાજપની કેન્દ્રની સરકાર ચાર વર્ષની ઉજવણી કરવા જઈ રહી છે, ત્યારે આ સરકારની મોંઘવારી, પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાથીની લઈને આમ જનતાના પ્રશ્નોમાં સરેઆમ નિષ્ફળતાને લોકો વચ્ચે ઉજાગર કરવા હાકલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યએ મારૂતિ-સુઝુકી કંપનીમાં સ્થાનિક ૮૫ ટકા યુવાનોને રોજગારી આપવાની શરતનો ભંગ કરાયો હોઈ ૧૨ મી જૂન પછી કંપની સામે ચક્કાજામ સહિતના આંદોલનની જાહેરાત કરવામાં આવી હતી.

## ૭૨ ચૂંવાળ કડવા પાટીદાર દ્વારા આયોજીત ઉમા જ્યોતિરથનું ગામેગામ સામૈયું



ચાણસ્મા

શ્રી ૭૨ ચુંવાળ કડવા પાટીદાર સમાજ દ્વારા યાત્રાધામ બહુચરાજીમાં વલ્લભ ભટ્ટની વાવની બાજુમાં રૂા.૧૯ કરોડના માતબર ખર્ચે ઉમાભવન બાંધવામાં આવનાર છે. જેના માટે જરૂરી ફંડ એકઠું કરવા તા.૧૫મી મે થી સમાજના ૯૦ ગામોમાં ઉમા જ્યોતિ રથ ફરી રહ્યો છે, આવતીકાલ રવિવારે પુર્ણાહુતિ થશે. ઉમા જ્યોતિરથનું ગામે ગામે ૭૨ કડવા પાટીદાર સમાજ સહિત અન્ય પાટીદાર સમાજો દ્વારા ઉષ્માપૂર્ણ, ભવ્યતિભવ્ય સ્વાગત અને સામૈયું કરવામાં આવ્યું હતું. જેને લઈ સામાજમાં અનેરા ઉમંગ અને ઉલ્લાસ ભર્યો માહોલ ઉભો થયો છે.સમાજની એકતા અને યુવાનો શિક્ષણમાં ઉચ્ચકારકિર્દી બનાવી શકે તે માટે બહુચરાજીમાં ઉમા ભવન તૈયાર કરવામાં આવનાર છે. આ માટે સમાજના યુવા પ્રમુખ કિરીટભાઈ ડી પટેલ(દિવગઢ)ની આગેવાની હેઠળ ૧૫ મે ના રોજ બહુચરાજીમાં બહુચરના દર્શન બાદ ઉમા જ્યોતિરથનું પ્રસ્થાન કરાયું હતું. છેલ્લા ૧૨ દિવસથી બહુચરાજી, જોટાણા, માંડલ અને દેત્રોજ પંથકમાં આવેલા-૭૨ સમાજના ગામોમાં પરિભ્રમણ કરી રહેલા ઉમા જ્યોતિરથને ગામેગામ અભૂતપૂર્વ આવકાર સાંપડ્યો છે અને ગામેગામ દાતાઓ દ્વારા દાનની સરવાણી વહેવડાવવામાં આવી રહી છે. જોટાણા તાલુકાના રામપુરા (રાંતેજ) ગામે મેલડી માતાજીના ભુવાજી લાલભાઈ પટેલ દ્વારા રૂા.૧૧.૧૧ લાખનું દાન અપાયું હતું. શનિવારે ઉમારથ કાલરી-ગણેશપુરા, અંબાલા, હાંસલપુર થઈ રાત્રે સીતાપુર ગામે પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત બાદ મા ઉમિયાની ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કરાઈ હતી. રવિવારે ઉમારથ સવારે ૮ વાગે બેચર ગામે પધારશે. જ્યાંથી વરઘોડો નીકળશે.

જેમાં સમાજના તમામ ૯૦ ગામોમાંથી ભાઈઓ અને બહેનો જોડાશે. જે ઉમાભવન સ્થળે પહોંચશે અને બપોરે ૧૨-૩૯ કલાકે ખાતમુહૂર્ત કરાશે તમામ પાટીદાર સમાજના આગેવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું.